Sheetal
ANYTIME TASTY
Noodles
© 73000 51000

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૧-૨-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૧૨ વર્ષ : ૨૮ અંક ૧૬૨

### ધારી ખોડીયાર ડેમના દરવાજા બદલવા સહિતની કામગીરીને કારણે

# ધારી ખોડીયાર ડેમના બે દરવાજા ખોલાયા : ૪૨ ગામો એલર્ટ

### ધારીના ખોડીયાર ડેમના દરવાજા સહિતની કામગીરીને કારણે ડેમનું પાણી છોડાયું



અમરેલી,

ધારીના ખોડીયાર સિંચાઇ યોજનાના દરવાજા ખોલવાના હોવાથી શેત્રુંજી નદી પર આવેલ ખોડીયાર સિંચાઇ યોજનાના ડેમ સેફટી લગત રેડિયલ ગેટ બદલાવાની કામગીરી હોવાથી નર્મદા જળ સંપતિ પાણી

### ધારી, બગસરા, લીલીયા, અમરેલી, ગારિયાધાર પાલીતાણાના ગામોને સાવચેત રહેવા જાણ કરાઇ

પુરવઠા અને કલ્પસર વિભાગે પરિપત્ર તા.૩૦-૯-૨૩ના બહાર પાડી યોજનાના દરવાજા ખોલવામાં આવનાર છે. તેમાંથી ૬૫.૧૨ એમસીએફટી પાણી નદીમાં છોડી ફ્રેષ્ટ લેવલ સુધી ઘટાડવાનું હોવાથી શેત્રુંજી નદીમાં છોડવા બે દરવાજા ૭ ઈંચ ૧૮ કલાકે ખોલવામાં આવશે તેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૩૫૦ કયુસેક છે. તો નદીના પટમાં કે કાંઠા

### સાંજના ૭ કલાકે ખોડીયાર ડેમનાં બે દરવાજા અડધો ફુટ ખોલવાનો પરિપત્ર બહાર પાડ્યો

વિસ્તારમાં કોઈએ અવર જવર કરવી નહી પાણી છોડવામાં આવે ત્યારે નીચેના ગામો જેવા કે ધારીના આંબરડી ,ભરડ,પાદરગઢ, બગસરાના હાલરીયા, હુલરીયા, અમરેલીના સરંભડા, નાના માંડવડા, મેડી તરવડા, બાબાપુર, વાંકીયા, ગાવડકા, પીઠવાજાળ, વિઠલપુર, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, લીલીયાના કણકોટ આંબા, ક્રાકચ, બવાડા, બવાડી,

### ખોડીયાર ડેમમાંથી પ્રતિ સેકન્ડ ૩૫૦ કયુસેક પાણી છોડાશે : લોકોએ અવરજવર કરવી નહીં

સાવરકુંડલાના ઈંગોરાળા, લોકા, લોકી, જુના સાવર, ખાલપર, આકોલડા, શેઢાવદર, મેકડા, ફિફાદ, ધોબા, પીપરડી, ગારિયાધારના ઠાંસા, જુના ગુજરડા, મનાજી, રાણીગામ, સાતપડા અને પાલિતાણાના ચોક, ડુંગરપુર, હાથસણી, ઝાલીલા, જીવાપર, રાણપરડા, રોહિસાળા સહિતના ગામોએ સાવચેત રહેવા અને નદી પટ પર અવર જવર નહીં કરવા ખોડીયાર ડેમ સાઇડ ધારીના સેકશન અધિકારીએ જણાવ્યું છે.

### અમરેલીના જીવાદોરી સમાન

## ધારીના ખોડીયાર ડેમનું રૂપિયા ૩ કરોડના ખર્ચે નવીનિકરણ કરાશે

### ધારી ખોડીયાર ડેમમાં ૬૧ વર્ષ પછી પ્રથમ વખત સુધારા વધારા સાથે રિનોવેશન સહિતની કામગીરી

ધારી,

અમરેલીની જીવાદોરી સમાન ધારી ખોડીયાર ડેમના રિનોવેશન સહિત કામગીરી માટે ૩ કરોડના ખર્ચે પ્રક્રિયાઓ હાથ ધરાતાં લોકોમાં ખુશી વ્યાપી છે. ધારી ખોડીયાર ડેમના નવીનિકરણ માટે ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયાએ સરકારમાં રજુઆત કરતા અઢીથી ત્રણ કરોડ જેવી ગ્રાન્ટ મંજુર થતાં ૬૧ વર્ષપછી ડેમમાં સુધારા વધારા કરાશે. ડેમના દરવાજા પણ બદલવાના છે.

તેથી ડેમમાંથી કાંપ કાઢી ડેમ ખાલી કરાશે. સાફ સુફી અને રિપેરીંગ પણ કરાશે. આ અંગે ટેન્ડર પ્રક્રિયા પણ પુર્ણ થવામાં છે. વર્ષો પછી ડેમની હાલત સુધરશે. તેથી આ વિસ્તારના ખેડૂતો સહિત આમ જનતાને પણ ફાયદો થશે. તેમ બિચ્છુભાઇ માલાએ જણાવ્યું છે.

### દરવાજા બદલાવા માટે ડેમ ખાલી કરાવી ડેમનો તમામ કાંપ કાઢવામાં આવશે

## અમરેલીમાં બ્રાહ્મણ સોસાયટી નજીક ખોડીયાર મંદીર પાસે પાલિકાનાં સંપની મોટરનો કેબલ વાયર ચોરાયો

### રૂા. ૮૦ હજારની કિંમતનો કેબલ વાયર ચોરાયાની પોલીસમાં ચિફ ઓફિસરે પોલીસમાં ફરિયાદ કરી

અમરેલી,અમરેલી બ્રાહ્મણ સોસાયટી નજીક ખોડીયાર મંદીર પાસે આવેલ અમરેલી નગરપાલિકાનાં વોટર વર્કસ સંપની મોટરનો કેબલ વાયર રૂા.૮૦ હજારની કિંમતનો કોઈ ચોરી જતા અમરેલી ડીવીઝન સામેનાં સોસાયટી વિસ્તારોમાં છેલ્લા ૫-૬ દિવસથી પાણી વિતરણ ઠપ્પ થયું હતું અને લોકો પણ પાણી વગરનાં રહ્યાં હતાં. અમરેલી નગરપાલિકાનાં ચિફ ઓફિસર દ્વારા અમરેલી સીટી પોલીસ મથકમાં રૂા.૮૦ હજારની કિંમતનો કેબલ વાયર ચોરાયાની ફરિયાદ થતા ચિતલ બીટનાં જમાદાર એ.ટી.ચૌધરી દ્વારા તપાસ હાથ ધરી છે.

## વડિયાના ઇશ્વરીયા ગામની હાઇસ્કુલ પાછળ વોકળામાંથી વૃધ્ધની લાશ મળી

### વડીયા પોલીસ મથકમાં લાશ મળ્યાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)વડિયાના ઈશ્વરીયા ગામની હાઈસ્કુલની પાછળ માવજીભાઈ મંગાભાઈ સોંદરવા ઉ.વ.૬૦ એકલવાયુ જીવન જીવતા હોય. જેઓ ગત તા.૧૮-૨ના સાંજના છયેક વાગ્યા બાદથી પોતાના રહેણાંક મકાન ખાતે જોવા મળેલ ન હતાં. અને બાદ તા.૧૯-૨ના સવારના ૮ વાગ્યે ઈશ્વરીયા ગામની હાઈસ્કુલ પાછળ આવેલ પાણી ભરેલ હોકળામાં તેમની લાશ તરતી હાલતમાં મળી આવતા મુકેશભાઈ ભાયાભાઈ સોંદરવાએ વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

બાલક્રિષ્ના ટ્રેકટર્સ
પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેકટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
*શરતોને આધિન
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
● ઓઇલ બ્રેક
● મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
● સાઇડ ગેર
રાજુલા,સાવરકુંડલા,અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૯૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૧૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

ડો. દેવકી એ. મોગા
M.B.B.S., D.V.D.
ચામડીના રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
ચામડી, નખ, વાળના તમામ રોગો અને ગુપ્ત રોગોની સારવાર, સૌંદર્યલક્ષી સારવાર, હાઇડ્રા ફેશિયલ, કોસ્મેટીક સારવાર અને અણગમતા વાળને લેસરથી દુર કરવાની સારવાર
સમભાવ સ્કીન, લેસર & કોસ્મેટીક કિલનીક
શ્રીજી હોસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી. મો. નં. ૭૫૬૭૨ ૭૭૩૬૯
સોમ થી શનિ - સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮ મળશે.

Swara Skin/Hair/Laser Clinic
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
● હેર ટ્રાન્સપ્લાન્ટ
● લેસર હેર રીમુવલ
● એન્સ ટ્રીટમેન્ટ
● વીટીલીગો ટ્રીટમેન્ટ
● વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
● હેરફોલ ટ્રીટમેન્ટ
● કેમીકલ પીલ
● હાઇડ્રા ફેસીઅલ
● પીઆરપી ટ્રીટમેન્ટ
સ્વરા
C/o કલરવ હોસ્પિટલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફિસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો. ૯૨૬૫૧ ૦૭૬૯૮

નારી વુમન & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) Endoscopy (FRANCE)
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલાં નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ / જોખમી સિઝેરીયન ડીલીવરી - પેઇનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D / 4D કલર ડોપ્લર / ખોડખાપણની સોનોગ્રાફી - ટાંકાવાળું, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયનાં ઓપરેશન - વંધ્યત્વની વૈજ્ઞાનીક આધુનિક સારવાર / IUI - ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અધતન NICU - આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ અને સારવાર - જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ / સારવાર.
સરનામું :- માણેકપરા, જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
ઓપીડી સમય :- સોમ થી શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

SHETH BROTHERS SINCE 1972
સ્વસ્થ પેટનો પાક્કો દોસ્ત
કાયમ
પચાસ વર્ષોથી કબજીયાતનો અસરકારક આયુર્વેદિક ઉપાય
AYURVEDIC KAYAM CHURNA | TABLET | GRANULES
ચૂર્ણ સ્વરૂપમાં
ગ્રેન્યુઅલ સ્વરૂપમાં
ટેબ્લેટ સ્વરૂપમાં
amazon 1mg
આપની નજીકનાં મેડિકલ અને આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ Customer Care No.: 1800 419 0807 contact@kayamchurna.com

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

## અમરેલી નગરપાલિકાની બેઠક બજેટ અંગે મળતા કોઇપણ કરવેરા વિનાનું પુરાંતલક્ષી બજેટ પસાર

# અમરેલી પાલિકાનું ૧૦૫.૨૯ કરોડનું બજેટ મંજુર

### પાલિકાનાં પ્રમુખશ્રી બિપીનભાઇ લિંબાણીના અધ્યક્ષ પદે બેઠકમાં બજેટ અંગે ચર્ચાઓ કરી

### વડી-ઠેબી નદીને સમાંતર રિવરફ્રન્ટ અને લીલીયા રોડે રોકડીયા તળાવનું ડેવલોપમેન્ટ

### મોક્ષધામ ખાતે ગેસ આધારિત ભઠી મોડેલ આધુનિક ફાયર સ્ટેશન સહિતનો સમાવેશ

### અમરેલીને ડસ્ટ ફ્રી બનાવી પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા આયોજન



અમરેલી,

અમરેલી નગરપાલિકા ના પ્રમુખ શ્રી બિપિનભાઈ લીંબાણિના જણાવ્યા અનુસાર અમરેલી નગરપાલિકા માં છેલ્લા અઢી વર્ષના દાયકાથી ભારતીય જનતાપાર્ટીનું શાસન ચાલી રહ્યું છે. તે સમયગાળા દરમ્યાન અમરેલી નગરપાલિકા હદ અને ઓજી વિસ્તાર માં ગુજરાત રાજ્ય સરકાર શ્રી તથા નગરપાલિકા ના ભંડોળ માથી અવિરત વિકાસકામો ની વણજાર ચાલી રહી છે. અમરેલી શહેરના સમગ્ર પ્રજાજનોની આરોગ્ય, સુખાકારી, જરૂરિયાત ઉપયોગિતા ધ્યાને લઈ પ્રોજેકટ તૈયાર કરી સરકાર શ્રી ના સબંધિત વિભાગોની પૂર્વ મંજૂરી મેળવી કામગીરી ગત વર્ષોમાં ૧૦૦ કરોડ થી પણ વધારે રકમ ના વિકાસકામો કરવા શક્ય બનેલ છે. તે કામો માટે શહેરની જનતા સાક્ષી છે. ઉપરની વિગતેના કામો પૂર્ણ કર્યા ની સાથે આગામી સમયમાં ખૂટતી કડીના કામો તથા લોકોની જરૂરિયાત અને સુવિધામાં વધારો થાય તે પ્રકારના કામો જેવા કે, સિમેન્ટ રોડ ના કામો, આઈ કેચિંગ-કામો, અમરેલી શહેર માથી પસાર થતી વાડી ઠેબી નદીને સમાંતર રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટની કામગીરી, લીલીયા રોડ ખાતે આવેલ રોકડિયા તળાવ ડેવલોપમેન્ટ ની કામગીરી, કેરિયા રોડ કૈલાસ મુક્તિધામની બાજુમાં જીલ્લા કક્ષાના અતિ આધુનિક મોડલ ફાયર સ્ટેશનની કામગીરી શહેરના પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગ મોક્ષધામ ખાતે મનુષ્ય અને પ્રાણીઓ ના અંતિમ સંસ્કાર માટે ગેસ આધારિત ભટ્ટીના નિર્માણ ની કામગીરી, અમરેલી શહેર ના બાકી રહેતા રસ્તાઓ પૈકી રસ્તાની સાઈડો માં પેવીંગ બ્લોકની કામગીરી થી શહેર ના વિસ્તારો ને ડસ્ટ ફ્રી બનાવવાની કામગીરી, શહેર વિસ્તારમાં પાણી પુરવઠાની ખૂટતી કડીના કામો કરવા પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા ની કામગીરી સાથો સાથ શહેરના આરોગ્ય અને સુખાકારી કામો માટે સોલીડ વેસ્ટ મેનેજમેંટ ની કામગીરી એમ કુલ અંદાજિત કરોડના ખર્ચે થનાર વિકાસ કામો આગામી વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટ માં સમાવેશ કરવામાં આવેલ છે આજરોજ મળેલ બજેટ બેઠક માં અંદાજિત ૧,૦૫,૨૯,૧૪,૦૦૦/- ની આવક સામે રકમ રું.૧,૦૫,૨૩,૮૦,૦૦૦ ખર્ચ સાથે નું રૂ. ૫,૩૪,૦૦૦/- નું પુરાંતલક્ષી બજેટ મંજૂર કરવામાં આવેલ છે સાથોસાથ એ બાબત પણ નોંધનીય છે અમરેલી શહેર ની જનતા ની આરોગ્ય સુખાકારી માટેના વિકાસકામો હાથ ધરવાના હોય છતાં પણ નાગરિકો ઉપર કોઈ પણ પ્રકાર ના કરવેરા નાખવામાં આવનાર નથી તેમ અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણીએ જણાવ્યું છે.

#### છેલ્લા પાનાનું
#### જીણલેણ હુમલો

અજનારને ગળાના ભાગેથી પકડી તેને ઉઠાવીને ભાગ્યો હતો. અવાજ થતા પિતા સહિતનાં પરિવારજનો જાગી જતા દિપડો બાળકને મુકી ભાગી ગયો હતો. બાદ અજયને ગળાનાં ભાગે ઈજા થતા પ્રાથમિક સારવાર અમરેલી આપી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવમાં વન વિભાગે દિપડાને પકડી પાડ્યો હતો.

# સારહી યુથ કલબ દ્વારા ખાંભામાં સેવા વર્ષની ઉજવણી

### વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો : ૨૪ દર્દીઓને ઓપરેશન કરી અપાયા : મફત બાળ રોગ નિદાન સેવા અપાઇ








અમરેલી,

સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી દ્વારા ખાંભા મુકામે મફત નેત્ર નિદાન કેમ્પ શ્રી સુદર્શન નેત્રાલય અમરેલીના સહયોગથી રાખેલ જેમાં ૧૭૦ દર્દીઓ ની આંખ ની તપાસ કરવા માંઆવેલ જેમાંથી ૨૪ મોતિયા નાં દર્દીને આજ રોજ સુદર્શન નેત્રાલય અમરેલી ખાતે મોકલવામાં આવેલ અને શ્રી ડો. વાસુરભાઈ ચોપરા કલરવ હોસ્પિટલ ખાંભા દ્વારા મફત બાળરોગ તપાસ કરવામાં આવેલ આ કેમ્પ માં ડો.જેન્તીભાઈ કાતરિયા સમર્પણ મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ રાજુલાથી ખાંભા પધારી હાડકા, કમર, ઘૂંટણ વિગેરે રોગોની વિના મૂલ્યે તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં સારહી યુથ કલબ કાયેકારી પ્રમુખશ્રી સુરેશભાઈ શેખવા, અરવિંદભાઈ ચાવડા સદસ્યશ્રી જિલ્લા પંચાયત અમરેલી અમરીશભાઈ જોષી, પૂર્વ સરપંચ શ્રી ખાંભા, આનંદભાઈ ભટ્ટ, દિલીપભાઈ લાખાણી, વિપુલભાઈ શેલડીયા, ધ્રુવભાઈ જોષી, ભાર્ગવભાઈ પંડ્યા મહાનુભાવો એ હાજરી આપી હતી.

#### છેલ્લા પાનાનું
#### ખનીજ ખાતુ ત્રાટક્યું

તંત્ર દ્વારા અનેક વખત રેડો કરી કાર્યવાહી પણ કરવામાં આવે છે પરંતુ રેત જાણે કાયદાનો કોઈ ડર ના હોય તેમ તેમના માણસો દ્વારા વોચ ગોઠવી રાત્રે અને દિવસે રેતીની ચોરીઓ કરે છે ત્યારે આજે ફરી એક વખત અમરેલી ખાણખનીજ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના બવાડી ગામની શેત્રુંજી નદીમાં રેત માફીયાઓ દ્વારા રેતી ચોરી કરી રહ્યા હતા તે દરમિયાન આજે અમરેલી ખાણખનીજ વિભાગે રેડ કરતા એક લોડર એક ડમ્પર અને ત્રણ ટ્રેક્ટર મળી કુલ ૫૦ લાખ જેવો મુદ્દામાલ કબ્જે કરી કાયદાકીય કાર્યવાહી હાથધરી છે.


સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત

અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

**ડૉ. દેવાંગ બી. પંડયા**

B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)

દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...

**Align દાંતની હોસ્પિટલ**

સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.

દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે



શું તમને સાંભળવાની તકલીફ છે ?

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...

- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮


### -:: જાહેર નોટીસ ::-

આથી અમો નામે પ્રતાપભાઇ ઓધવભાઇ જોષી રહે.ઠે.મુ.વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી ના તે આથી અમો નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં મોજે વઢેરા ગામના ખાતા નં.૯૯ થી આવેલ રેવન્યુ સર્વે નં.૬૩ જેનું ક્ષેત્રફળ ૧.૧૫.૩૪ હે.આરે.ચો.મી. આકાર રૂા.૪.૦૬ પૈસા તથા રેવન્યુ સર્વે નં.૩૭ જેનું ક્ષેત્રફળ ૦.૭૨.૮૪ હે.આરે.ચો.મી. આકાર રૂા.૩.૨૫ પૈસાવાળી સદર જમીનોમાં હક્ક, હિત, હિસ્સો ઉપાડી લીધેલ હોવાનું સોગંદનામુ નોટરી એડવોકેટ રૂબરૂ રજી. ૭૫૬/૨૦૧૦ તારીખ : ૦૫-૦૯-૨૦૧૦ ના રોજ નોંધાયેલ છે તે અમારી જાણ બહાર નોંધાયેલ છે અને તેમાં અમારી સહી ભોળવીને, છેતરપીંડી કરીને કરાવી લીધેલ છે. અમોને અમારા ભાઇ દ્વારા કહેવામાં આવેલ છે ''પી.જી.વી.સી.એલ. કચેરીમાં વિજ કનેકશન લેવાનું હોય જેથી તમારી સહીની જરૂર છે'' જેથી અમોએ અમારા ભાઇ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી અમોએ સહી કરી આપેલ હતી. પરંતુ અમારા રહેઠાણના સ્થળે ૧૩૫ ડી ની નોટીસ આવેલ હોય ત્યારે અમોને ખ્યાલ આવેલ કે અમારી સહી ''હક્ક કમી અંગેનું સોગંદનામું'' માં સહી કરાવી લીધેલ છે.

ખરી હકીકતે અમોએ રેવન્યુ સર્વે નં.૩૬ જેનું ક્ષેત્રફળ ૧.૧૫.૩૪ હે.આરે.ચો.મી. આકાર રૂા.૪.૦૬ પૈસા તથા રેવન્યુ સર્વે નં.૩૭ જેનું ક્ષેત્રફળ ૦.૭૨.૮૪ હે.આરે.ચો.મી. આકાર રૂા.૩.૨૫ પૈસા વાળી જમીનોમાં અમોએ કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો ઉપાડેલ નથી અને તે વિવાદી સોગંદનામું અમોએ નોટરી એડવોકેટ રૂબરૂ રજી.નં.૧૫૮૮ તારીખ : ૧૯-૦૨-૨૦૨૪ ના રોજ રદ કરેલ છે જેની અમો જાહેર જનતાને જાણ કરીએ છીએ અને અમો નોટરી એડવોકેટ રૂબરૂ રજી. ૭૫૬/૨૦૧૦ તારીખ ૦૫-૦૯-૨૦૧૦ ના રોજ નોંધાયેલ ''હક્ક કમી અંગેનું સોગંદનામુ'' રદ જાહેર કરીએ છીએ જે આ જાહેર નોટીસ આપી જાહેર કરીએ છીએ.

સહી : પી.ઓ.જોષી

અમારા મારફત
ભરતભાઇ એલ.મહીડા (એડવોકેટ)
મુ.જાફરાબાદ જી.અમરેલી

### ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૫ સને.૨૦૨૩- ૨૪
### પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/SCSP/BUJ CDP-5, MPLADS, ૧૫ મું નાણાપંચ સુવિધાપથ, ૧૫% આયોજન નાં પેકેજ-૧, કામો-૧ અંદાજીત રકમ રૂ.૯૯૭ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ આ કામોની વિગતવાર માહિતી આ કચેરી ના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા https://tender.nprocure.com ઉપર જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૨૯/૦૨/૨૦૨૪ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૦૧/૦૩/૨૪ થી તા.૦૭/૦૩/૨૪ (૩) ટેન્ડર ખોલવાની તા.૦૧/૦૩/૨૪ ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

માહિતી/અમર/૫૧૭/૨૩

### ગોવિંદભાઈ ધોળકીયા ને અભિનંદન



સંકુલ નાં માનનીય ટ્રસ્ટીશ્રી - દાતાશ્રી અને સલાહકારશ્રી **ગોવિંદભાઈ ધોળકીયા સાહેબ** ને રાજ્યસભા નાં સાંસદ તરીકે બિનહરીફ થવા બદલ સંકુલ પરીવાર તરફ થી અભિનંદન

લી.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 085

### બગસરા નગરપાલિકા - બગસરા જિ. અમરેલી
### ઓનલાઇન જાહેર નિવિદા (છઠ્ઠો પ્રયત્ન)

આથી બગસરા નગરપાલિકા, બગસરા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ: અમૃત યોજના-૨.૦ (સ્વેપ-૧) અંતર્ગત બગસરા બાયપાસ રોડ પર આવેલ અટલ ગાર્ડન ડેવલોપમેન્ટનું કામ | |
| અંદાજીત રકમ રૂા.૨૪.૫૭ લાખ | કામની સમય મર્યાદા: ૪-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૨૪,૬૦૦/- | ટેન્ડર ફી: રૂા. ૧૫૦૦/-+18% GST |
| વેબસાઇટનું નામ | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય તા.૦૬/૦૩/૨૪ નારોજ ૧૮.૦૦ કલાક સુધી. | |
| ફકત ઓરીજનલ ટેન્ડરફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૧૩/૦૩/૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, બગસરા નગરપાલિકા, મુ. બગસરા, જિ. અમરેલી. | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખ: | ૧૪/૦૩/૨૦૨૪, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખ: | ૧૪/૦૩/૨૦૨૪, ૧૨.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર, બગસરા નગરપાલિકા — પ્રમુખ, બગસરા નગરપાલિકા

માહિતી/અમર/૫૧૬/૨૪


વિજળી બીલમાંથી મુક્તિ એટલે...

રૂફટોપ સોલાર સિસ્ટમ

હવે અમે આપીએ છીએ જુદા વ્યવસાય અને ઘરેલુ વિજળી વપરાશના બીલમાંથી મુક્તિ આપવા એક એવી સિસ્ટમ કે જે સિસ્ટમ...

રૂા.૭૮૦૦૦ જેવી તગડી સબસીડી મળવાપાત્ર

- વધુમાં વધુ વીજળી યુનિટ આવશે...
- વધુમાં વધુ વોરંટી સમય મળશે...
- ઉચ્ચ ગુણવત્તા સાથે ફાસ્ટ સુવિધા...
- જેટ ઝડપે કોઈપણ જગ્યાએ ફીટીંગ...
- સંપૂર્ણ સિસ્ટમનું ગ્રાહક મરજી મુજબ કવોલીફાઈડ એન્જીનિયર દ્વારા મજબુત ફીટીંગ
- કવોલીટી - કોન્ટીટી સાથે સૌથી સસ્તું અને સારૂ...

સરળતાથી લોન અને સરળ હપ્તા પદ્ધતિ...

લાભમ્ એન્ટરપ્રાઈઝ

મો.૯૪૨૮૮ ૮૮૦૯૮



**મોકાનું મકાન વેચવાનું છે**

ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે

સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦

સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮



**જમીન વેચવાની છે**

અનેક સગવડ સાથે અમરેલી ચિતલ હાઇવે ટચ જમીન કસમાં વેચવાની છે

-:: સંપર્ક ::-

મો.૮૮૪૯૭ ૯૭૮૮૩



**જય રામદેવ ટ્રાવેલ્સ**

ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત

ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી

મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com



અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



**મકાન વેચવાનું છે**

અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે

સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭



FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨



સ્વાદના શોખીનો માટે ખુશખબર...

**સત્ અમર**

રાજસ્થાની સ્પે.દાલબાટી

માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ

મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯

બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ

સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેક્ટરના શો-રૂમની સામે, અમરેલી

## ધારી માર્કેટયાર્ડના ચેરમેનશ્રી રમણીકભાઇ સોજીત્રાની અવધ ટાઇમ્સ સાથે ખાસ મુલાકાત

# અમરેલી જિલ્લામાં ઘંઉ-ચણાના પાકનો ઉતારો ઓછો આવશે

### ઘંઉના પાકમાં ફુટ સમયે વાયરસ(ઇયળ) આવી હતી તો ઓછી ઠંડીના કારણે ચણાના પાકનો પણ ઉતારો ઓછો આવવાની શકયતા છે

### ડુંગળીનું વાવેતર ધારી પંથકમાં પણ મોટા પ્રમાણમાં છે : ડુંગળીની ખરીદી માટે નાફેડે ધારી સેન્ટરને મંજુરી આપવી જરૂરી છે



અમરેલી,

અમરેલી જિલ્લામાં આ વર્ષે ઘંઉ અને ચાણાના પાકનો ઉતારો ઓછો આવવાની શકયતાઓ છે. તો બીજી તરફ ધારી પંથકમાં ડુંગળીનું વાવેતર મોટા પ્રમાણમાં હોય. નાફેડે ડુંગળીની ખરીદી માટે ધારી સેન્ટરને મંજુરી આપવી જરૂરી છે. તેમ ધારી માર્કેટ યાર્ડ ચેરમેન અને પીઢ સહકારી આગેવાન શ્રી રમણીકભાઇ સોજીત્રાએ અવધ ટાઇમ્સ સાથેની ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું.

શ્રી સોજીત્રાએ આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લાના ઘંઉ શ્રેષ્ઠ કવોલિટીના ગણાય છે. પણ આ વર્ષે ઘંઉના પાકમાં ફુટ આવી તે સમયે જ વાયરસ(ઈયળ)આવી હતી તેથી એક વિઘાએ ૬૦ મણ જેટલા ઉતારાને બદલે આ વર્ષે ૪૦ મણનો ઉતારો આવે તેવી શકયતા છે. જેથી ખેડૂતોની આવકોમાં ઘટાડો થવાની શકયતા છે અને ઘંઉ કવોલીટી પણ નબળી રહેશે. સૌરાષ્ટ્રમાં આ વર્ષે ઓછી ઠંડી પડવાના કારણે ચણાના પાકમાં પણ ઘટાડો થવાની શકયતા છે.

સરકારે ડુંગળીની નિકાસ માટે છુટ આપી તે આનંદની વાત છે. અમરેલી જિલ્લો ખેતી પ્રધાન જિલ્લો છે. ધારી તાલુકામાં ડુંગળીનું વાવેતર મોટા પ્રમાણમાં થયેલ છે. વર્તમાન સ્થિતિમાં ધારીના ખેડૂતો રાજુલા યાર્ડમાં ડુંગળી વેચવા માટે જાય છે. અને ત્યાં બે બે દિવસે વારો આવે છે. તેથી ખેડૂતોનો સમય બગડે છે અને ખર્ચ પણ વધારે લાગે છે. ખેડૂતોના આ પ્રશ્નના નિરાકરણ માટે ધારી માર્કેટ યાર્ડને નાફેડ દ્વારા ડુંગળીની ખરીદી માટે મંજુરી આપવામાં આવે તે જરૂરી છે. જેના પરિણામે ખેડૂતોને ઓછા ખર્ચે સારો ભાવ મળી શકે તેવી સ્થિતી છે.

શ્રી સોજીત્રાએ અંતમાં જણાવ્યું હતું કે ગામડાઓમાં ખેડૂતોને સિધી ખરીદી ઉપર માર્કેટયાર્ડ શેષ નાબુદ કરવામાં આવ્યો છે તે સરકારનો નિર્ણય આવકાર દાયક છે. પણ આ શેષ નાબુદીથી તાલુકા અને જિલ્લા મથકના માર્કેટયાર્ડોની આવકમાં મોટા ઘટાડો જોવા મળી રહ્યો છે. જેમ જકાત નાબુદી બાદ સરકારે નગરપાલિકાઓને ગ્રાન્ટો ફાળવે છે તેવી રીતે શેષ નાબુદી બાદ તમામ માર્કેટયાર્ડોને ગ્રાન્ટ ફાળવી જરૂરી છે. કારણ કે અમુક યાર્ડોની આવક ઓછી હોવાથી કર્મચારીઓ પગાર થઈ શકતો નથી સરકારે જો ખેડૂતોના હિતમાં માર્કેટયાર્ડોને ટકાવી રાખવા હોય તો વહેલી તકે આ શેષ નાબુદીની સાથે સરકારી ગ્રાન્ટો ફાળવીને મદદ કરવી જરૂરી છે.

## પેમેન્ટ્‌ની ચુકવણી નહિ થાય તો તારીખ ૨૬ થી ગુજરાતમાં પીએમજેવાય યોજનામાં સારવાર બંધ

**પ્રધાન મંત્રીની પીએમજેવાય યોજના ગુજરાતમાં બંધ થવાના આરે**

અમદાવાદ, (રાજેશ મહેતા)

પીએમ જય એમ્પેનલ પ્રાઈવેટ હોસ્પિટલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા ૧૩ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સ પછી પણ સરકારે માત્ર પાંચથી દસ ટકા જેટલું મજાક અને પાત્ર પેમેન્ટ રિલીઝ કર્યુ છે. જે કોઈપણ હોસ્પિટલને ચલાવવા માટે પૂરતું ન જ હોય એ સ્વાભાવિક છે. આથી આર્થિક સંકળામણ અનુભવતી આ હોસ્પિટલો પોતે જ હવે વેન્ટિલેટર પર આવી જાય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગરીબ દર્દીઓની જીવાદોરી સમાન આપણા લાડીલા પ્રધાનમંત્રી શ્રી મોદીજી ની ડ્રીમ યોજના હાલ ગુજરાતમાં જ અત્યંત વિકટ પરિસ્થિતિમાં છે. આ ઉપરાંત અત્યારે ચાલી રહેલી બજાજ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા હોસ્પિટલના પેમેન્ટમાં ડિડકશન અને રિજેકશન ઉપરાંત બિનજરૂરી કનડગતો હજુ પણ ચાલુ જ છે.

પીએમજય અધિકારીઓ અને સરકારશ્રીને વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ પરિણામ આવતું નથી. પીએમજય એમ્પેનલમેન્ટ પ્રાઈવેટ હોસ્પિટલ ના ૨ વર્ષનું ૩૦૦ કરોડ થી વધારે પેમેન્ટ બાકી છે. આથી આખરે ના છૂટકે આ બાબત ને લોકો સુધી પહોંચાડવા ગુજરાતની હોસ્પિટલો તા ૨૬ થી ૨૯ ફેબ્રઆરી એમ ચાર દિવસ માટે પ્રતીકાત્મક રીતે પીએમજય યોજના હેઠળ સારવાર બંધ રાખવામાં આવશે.

## સાવરકુંડલામાં લગ્નની આગલી રાત્રે જ વરરાજાની માતાનું મૃત્યુ

સાવરકુંડલા, સાવરકુંડલામાં લુહાર સમાજમાં દામજી પીતાંબર કાટાવાળા પેઢી તરીકે જાણીતા પરિવાર મનસુખભાઈ કારેલીયાના પુત્ર જયદીપ ના આજે તારીખ ૧૭/ ૨ ના રોજ રાત્રિના લગ્ન નિરધાર્યા હતા. આખો પરિવાર અને સગા સંબંધીઓ સાથે તા. ૧૬/૨ એટલે કે લગ્નની આંગલી રાત્રે વરરાજા ની માતા નિર્મળાબેન હરખભેર બધા સાથે દાંડિયા રાસ રમી રહ્યા હતા તેમાં તેમને અચાનક જ હાર્ટએટેક આવી જતા તેમનું કરુણ મૃત્યુ નીપજતા, જાણે શુભ પ્રસંગમાં વીજળી પડી હોય તેમ સન્નાટો છવાઈ ગયો હતો. આનંદ ઉલ્લાસ ની જગ્યાએ રોકક્કળ થી આખુ વાતાવરણ ગમગીન બની ગયુ હતું. આજે રાત્રે લગ્ન હોવાથી સાંજે જાન રવાના થવાની હતી પરંતુ ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે.. એ યુક્તિ પ્રમાણે જે સમય પોતાના દીકરાની જાન ઉપાડવાનો હતો, તે સમય જ પોતાની અર્થી ઉપાડવાનો આવી પડ્યો.

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં.એમએજી/વશી/૬૧/૨૦૨૪
તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી મકવાણા ભીખુભાઈ કરશનભાઈ રહે.હિરાવા, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી હિરાવા ગ્રામ પંચાયત, તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી મકવાણા ભીખુભાઈ કરશનભાઈ રહે. હિરાવા તા.ધારી વાળાએ તેમના પિતા કરશનભાઈ ટીડાભાઈ મકવાણાનું અવસાન તા.૧૬-૦૨-૨૦૦૯ ના રોજ ધારી તાલુકાના હિરાવા મુકામે થયેલ હોવાની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૯-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**-:: જાહેર નોટીસ ::-**

અમો રાકેશકુમાર સી.વઘાસીયા - એડવોકેટ બગસરા તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામના રેવન્યુ સર્વે નં.૭૬ પૈકી ૪/પૈકી ૧ ની જુની શરતની નામે 'ટેઢુકીવાડી' વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ વાળી તે કાન્તાબેન ધીરૂભાઇ બોરડની અને નિરૂબેન ધીરૂભાઇ બોરડની સુવાંગ અને સંયુક્ત કબજા ભોગવટા અને માલીકીની આવેલી છે અને તેમના સંયુક્ત નામે ખાતા નં.૫૮ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ માં નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે તેમજ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામના રેવન્યુ સર્વે નં.૭૬ પૈકી ૪/પૈકી ૨ ની જુની શરતની 'ટેઢુકીવાડી' ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ વાળી તે જયશ્રીબેન ડાયાભાઇ કાબરીયા વા/ઓ રાજેશભાઇ બોરડની સુવાંગ અને સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં. ૫૯૨ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ માં નોંધાયેલ છે તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહુ મિલ્કત ખેત જમીનો સબંધે કોઇ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઇપણ વિગતે હક્ક, અધિકાર, રાઇટ્સ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે બેંકનું કરજ, લીયન, બોજો, લેણુ, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઇ, ભાગીદારી કે ભાયુભાગ કે સોદાખત, મુખત્યારનામું કે કોઇપણ પ્રકારના અગ્રહક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૨ (બાર) માં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલ્કત પરત્વે કોઇનો કોઇપણ જાતનો વાંધો, તકરાર, હક્ક, હિસ્સો કે લાગ ભાગ, નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઇ ઉક્ત લખ્યા મિલ્કતોના માલીકોને ધોરણસરનો અવેજ ચુકવી અમારા અસીલ સદરહુ જમીનોનો ઉક્ત માલીકો અને કબજેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એકઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઇપણ વાંધા તકરાર અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઇપણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : બગસરા
તારીખ : ૨૦-૦૨-૨૦૨૪

અસીલોની સુચના અને ફરમાઇશથી અમારા મારફત
રાકેશકુમાર સી.વઘાસીયા (એડવોકેટ)
મામલતદાર ઓફીસ સામે, રાધીકા પાનની બાજુમાં,
બગસરા મો.નં.૯૬૦૧૫ ૯૧૪૮, ૮૮૪૯૮ ૫૪૮૨૭

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં.એમએજી/વશી/૧૦૮/૨૦૨૩૪
તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી પુનાભાઈ નાનજીભાઈ મકવાણા રહે.પાતળા, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી પાતળા ગ્રામ પંચાયત, તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી પુનાભાઈ નાનજીભાઈ મકવાણા રહે. પાતળા તા.ધારી વાળાએ તેમના માતા નામે કુંવરબાઈબેન નાનજીભાઈ મકવાણાનું અવસાન તા.૩૦-૦૬-૧૯૯૮ ના રોજ ધારી તાલુકાના પાતળા મુકામે થયેલ હોવાની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૯-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

**નામ બદલાવેલ છે**

આથી હું ભટ્ટી હફિઝ ઇકબાલભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ભટ્ટી હફિઝ ઇકબાલ માંથી બદલાવીને ભટ્ટી હફિઝ ઇકબાલભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ભટ્ટી હફિઝ ઇકબાલભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : ભટ્ટી હફિઝ ઇકબાલભાઇ
તારીખ : ૨૦-૦૨-૨૦૨૪
એડ્રેસ : મફત પ્લોટ, લાઇટ હાઉસ રોડ, જાફરાબાદ, જી.અમરેલી - ૩૬૫૫૪૦




અમરેલીથી તદ્‌ન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

**હારમની વિકેન્ડ વિલા**

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા




આ છે અહીંની વિશેષતાઓ...
- વિકટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

ટાઇટલ કલીયર લોનેબલ

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ 03533




Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...

999 24K Gold Leaf



Car Stand — Wall Decor Frame — Table Frame

₹850 થી શરૂ થતી વિશાળ રેંજ

MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

**VHC પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ VHC**

| યોજના | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''
વધુ માહિતી માટે સંપર્ક કરો

**પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી
વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિથ્સ હોલીડેઝ**
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

રજી.સે.શ.૩૬૭૫૨ — ॥ સત્યમેવ જયતે ॥ — ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૧-૨-૨૦૨૪ બુધવાર

# કેન્દ્ર સરકારનો પ્રયત્ન છે કે દેશના અર્થતંત્ર પર મંદીનો પડછાયો ન પડે... પરંતુ સંયોગો કેવા છે?

ભારતીય અર્થતંત્ર એક નવા વળાંકે આવીને ઊભું છે. સરકારના પ્રયત્નો છે કે દેશ ઉપર મંદીનો પડછાયો ન પડે પણ સરકાર ખુદ જો જાહેર ખર્ચમાં કાપ મૂકે તો બજારમાં ફરતા રૂપિયાની ગતિ ઓછી થઈ જાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નરે કહ્યું છે કે વધતી કિંમતો અને વૈશ્વિક તણાવને કારણે મોંઘવારી પર કાબૂ મેળવવો મુશ્કેલ છે. તેમણે એ પણ સ્વીકાર્યું છે કે મોંઘવારી પર અંકુશ રાખ્યા વિના અર્થતંત્રમાં સ્થિરતા લાવવી મુશ્કેલ રહેશે. તેમના મંતવ્યો સદંતર નકારી શકાય નહીં. આ દિવસોમાં, આખું વિશ્વ મંદીનો સામનો કરી રહ્યું છે અને યુદ્ધોને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે, ઘણી વસ્તુઓના ભાવમાં વધારો થયો છે. ભારત આજ સુધી પોતાને મંદીના ઝંઝાવાતી પરિવર્તનોથી બચાવે છે.

પરંતુ એના પ્રભાવથી દુનિયાનો કોઈ દેશ મુક્ત નથી. આનો સામનો કરવા માટે, રિઝર્વ બેંકે તેના રેપો રેટને લાંબા સમયથી યથાવત રાખ્યા છે. અગાઉ આ દરોમાં છ વખત વધારો કરીને ફુગાવાને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ વર્તમાન સ્તરે ઘર, વાહન, વ્યવસાય વગેરે માટે લોન લેનારા ઘણા લોકો પર માસિક હપ્તાનો બોજ વધી ગયો છે.

જો કે, વિશ્વની ઘણી બેંકોએ તેમના વ્યાજદરમાં વધારો કર્યો છે, જેના કારણે સિક્યોરિટી માર્કેટમાંથી ઘણા રોકાણકારોએ મુખારવિંદ ફેરવી લીધું છે. એ પણ સાચું છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધઘટને કારણે અનિશ્ચિતતાનું વાતાવરણ છે. આ કારણે કુદરતી તેલ એટલે કે પેટ્રોલિયમની કિંમતો ઘટાડવાનો વિચાર મોકૂફ રાખવો પડ્યો છે. આનાથી માલ પરિવહન અને માલના ઉત્પાદનના ખર્ચ પર અસર પડી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં ભારતમાં ફુગાવાના વધારાના વલણ માટે વૈશ્વિક તણાવને સ્વીકારવું મુશ્કેલ છે.

કારણ કે શાકભાજી, ફળો, દૂધ, અનાજ જેવી રોજીંદી ચીજવસ્તુઓના ભાવમાં સૌથી વધુ ફુગાવો જોવા મળ્યો છે. તે પૈકી શાકભાજીના ભાવમાં સૌથી વધુ મોંઘવારી નોંધાઈ છે. જ્યારે આ સિઝનમાં શાકભાજીનું આગમન વધુ થાય છે. હવામાન પણ લગભગ સાનુકૂળ રહ્યું છે. આ કોમોડિટીઝના ભાવ વધવા પાછળ વૈશ્વિક તણાવને કારણ ગણી શકાય નહીં.

પરિવહન ભાડાના દર કે કિંમત ચોક્કસ વધ્યા છે, પરંતુ તે થોડા મહિનાની વાત નથી. તેલના ભાવ લાંબા સમયથી ઊંચા સ્તરે રહ્યા છે, અને ખેતીમાં ખર્ચ પહેલેથી જ વધારે છે. આનું એક પાસું એ છે કે ગ્રાહકોને બજારમાં જે ભાવ ચૂકવવો પડે છે તેટલો ભાવ ખેડૂતોને મળી રહ્યો નથી. આ સ્થિતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે મોંઘવારી પાછળ અન્ય કારણો પણ છે અને તેમને નિયંત્રણમાં રાખવાની સખત જરૂર છે. જે તરફ સરકાર પાછી પડે છે.

દેશમાં માત્ર કૃષિ પેદાશોમાં જ નહિ, બધે જ વચેટિયાઓનો વંશવેલો ફેલાઈ ગયો છે. તેઓ ઉધઈ જેવા લક્ષણ ધરાવે છે. સરકારના ટેબ્લો વચેટિયાઓને આધીન છે. ગુજરાતમાં બોર્ડ અને નિગમો દ્વારા જે પેમેન્ટ થતાં હતા તેમાં ભાજપ સરકારે નવો હુકમ કર્યો છે કે દસ લાખથી વધુના પેમેન્ટ હોય તો જે તે સંબંધિત ખાતાના પ્રધાનની સહી લેવી ફરજિયાત છે. ફાઈલ સહીમાં જાય એટલે વચેટિયાઓના ભૂત ધૂણવા લાગે છે.

અર્થતંત્રમાં સ્થિરતા લાવવાના પ્રયાસોમાં વચેટિયાઓ એક મોટું વિઘ્ન છે પણ સરકારને દેખાતું નથી. કેન્દ્ર દ્વારા અર્થતંત્રને સમતોલ રાખવાના પ્રયાસો લાંબા સમયથી ચાલી રહ્યા છે અને રિઝર્વ બેંકનું માનવું છે કે જો ફુગાવાને પાંચ ટકાની સહનશીલતા મર્યાદા સુધી નિયંત્રિત કરવામાં આવે તો આ દિશામાં સફળતા મળી શકે છે. પરંતુ એક વિચિત્ર પ્રકારનું અસંતુલન ઉભું થયું છે. વિકાસ દર સાત ટકા રહેવાનો અંદાજ છે, પરંતુ માથાદીઠ આવકમાં ઘટાડો થવાને કારણે લોકોની ખરીદશક્તિ વધી રહી નથી. અર્થતંત્રને મજબૂત કરવા માટે માથાદીઠ આવકમાં વધારો જરૂરી છે અને આ ત્યારે જ શક્ય છે જ્યારે રોજગારીની તકો વધે.

પરંતુ, ઔદ્યોગિક ક્ષેત્રનું પ્રદર્શન નિરાશાજનક છે, તેથી રોજગાર મોરચે નબળાઈ જોવા મળી રહી છે. કૃષિ ક્ષેત્ર પર જે ધ્યાન આપવું જોઈએ અને બદલાતી પરિસ્થિતિ અનુસાર ખેડૂતોને જે સુવિધાઓ મળવી જોઈએ તે પૂરી પાડવામાં આવી રહી નથી. આવી સ્થિતિમાં વૈશ્વિક તણાવના નામે વધતી જતી મોંઘવારીથી દૂર રહેવું યોગ્ય છે એમ કહી શકાય નહીં. લોકોએ તેમની સમસ્યાઓના ઉકેલની અપેક્ષા કોની પાસેથી રાખવી?

જેમ કે રિઝર્વ બેંકે તેની જાહેરાતમાં જાહેર કર્યું છે, 'પ્રોગ્રામેબિલિટી' સરકારી એજન્સીઓ જેવા વપરાશકર્તાઓને સુનિશ્ચિત કરવા માટે પરવાનગી આપશે કે સુનિશ્ચિત લાભો માટે ચૂકવણી કરવામાં આવે છે. આનો અર્થ એ છે કે પસંદ કરેલ યોજનાઓ અંતર્ગત નિયમો ફંડના ઉપયોગને પ્રતિબંધિત કરશે. આવી વિશેષતાઓ સાથે સરકાર એ પણ સુનિશ્ચિત કરવાની સ્થિતિમાં હશે કે ફંડનો યોગ્ય ઉપયોગ થાય. ફંડની કરકસર જો સરકાર કરે તો અર્થતંત્ર ખાડે જાય એ જુનો નિયમ છે.

### યુનિયન બેન્કમાં ખોટા દસ્તાવેજો સાચા તરીકે રજુ કરી

# અમરેલીમાં પ્રયોસા કંપનીના પ્રોપરાઈટર સહિત પાંચે રૂપિયા ૬૭.૫૦ લાખની છેતરપિંડી કરી

### પોતાનો સમાન ઈરાદો પાર પાડવા કાવતરૂ કરી પોતાના આર્થિક ફાયદા માટે છેતરપિંડી કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી પ્રયોશા કંપનીના પ્રોપરાઈટ જયશ્રીબેન વિરલભાઈ શિયાણી, તેમના કંપનીની લેતી દેતી સંભાળનાર/જામીનદાર વિરલભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી રહે. અમરેલી કેરિયારોડ બંસીધર સોસાયટી બ્લોક નં.૭(એ) તથા જામીનદારો રાજનભાઈ વિઠલભાઈ શિયાણી રહે. વાંડળીયા તા.બાબરા, પિયુષભાઈ ગોરધનભાઈ શિયાણી રહે. અમરેલી રોકડવાડી કેરિયારોડ તથા તપાસમાં નામ ખુલે તે તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા કાવતરૂ રચી પી. એમ. ઈ. જી.પી.યોજના-૨ની ધંધા માટેની વ્યવાસિયક લોન મેળવવા માટે યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાં રજુ કરવા માટે ખોટા દસ્તાવેજો બનાવડાવી ફરિયાદીની બેન્કને આરોપીઓએ દસ્તાવેજો ખોટા હોવાનું પોતે જાણતા હોવા છતાં તે ખોટા દસ્તાવેજો ખરા તરીકે બેન્કમાં રજુ કરી બેન્ક સાથે ઠગાઈ કરવાના ઈરાદે વિશ્વાસ ઘાત કરી પ્રોમેશરી નોટ આપી પોતે ફરિયાદીની બેન્કનું હિંત જાળવવા બંધાયેલ હોવા છતાં પોતાના આર્થિક ફાયદા માટે આરોપીઓએ જે લોનને તેમના વ્યવસાયિક હેતુ માટે આપેલ તે હેતુ માટે ઉપયોગમાં નહીં લઈ આરોપીઓએ છેતરપિંડી કરી ગુનો કર્યાની યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજર પ્રતિકભાઈ રાકેશચંદ્ર શર્માએ અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીએસઆઈ કે.એમ.પરમાર ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં સગીરાનો મોબાઈલ નંબર માંગતા ના પાડતા પિતાને ધમકી આપી

### અમરેલીના બે વિધર્મી શખ્સોએ પિતાને ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલીમાં રહેતી સગીરાને ત્રણેક દિવસ પહેલા ખરીદી કરી ઘરે જતી હતી ત્યારે સરકારવાડામાં રહેતા મોઈનબીન ઈમત્યાઝભાઈ કશીરી તથા શાહનાવાઝ તોફીકભાઈ શેખે બાવડુ પકડી સગીરાનો ફોન નંબર માંગતા ન આપતા ઘર સુધી પીછો કરી જાતીય સતામણી કરી સગીરાના ઘરે ગેરકાયદેસર પ્રવેશ કરી તેના પપ્પાને ગાળો બોલી ધમકી આપ્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી કારવર્લ્ડના બે શખ્સો સાથે કાર મેળવી રકમ પરત ન કરી છેતરપિંડી કરી

### વેળાવદરના તેમજ અન્ય એક શખ્સ સાથે રૂપિયા પોણા ચૌદ લાખ ઉપરાંત છેંતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી કારવર્લ્ડવાળા રાજુ ઉર્ફે રાજેશભાઈ ભટ્ટ તથા તેજસ ભટ્ટે વેળાવદર તા.ગારિયાધાર કપીલભાઈ રમેશભાઈ ખીમસુરીયાને વિશ્વાસમાં લઈ વેગેનાર ફોરવ્હીલ આપવાના બહાને રોકટ રૂપિયા ૫૦,૦૦૦ અલગ-અલગ ટ્રાન્જેકશનથી કાર વર્લ્ડના એચડીએફસી એકાઉન્ટમાં રૂા.૫,૦૬,૦૦૦ તથા સમીરભાઈ ગાંગાણી પાસેથી ફોરવ્હીલ એકચેન્જ કરવાના બહાને રૂા.૩,૬૦,૦૦૦ તથા જુની સ્વીફ્ટ કાર આશરે રૂા. ૪,૭૫,૦૦૦ મળી કુલ રૂા. ૧૩,૯૧,૦૦૦ મેળવી લઈ ફોરવ્હીલ કે તેઓ આપેલ રોકડ રકમ પરત નહીં કરી ખોટા વાયદાઓ આપી છેતરપિંડી કર્યાની અમરેલી રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીએસઆઈ એસ.પી.શાહિ ચલાવી રહ્યા છે.

## બગસરામાં પરિણીતાને તેડવા જવા પ્રશ્ને બે જુથ વચ્ચે મારમારી

### લાકડાના પાટીયા તેમજ ઢીકાપાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બગસરા હુડકો વિસ્તારમાં અકીલભાઈની પત્ની રેશ્માબેન પિયરમાં શિસામણે હોય. તેમની તેડવા સમાધાન કરવા મેમુદાબેન યુનુસભાઈ મેતર ઉ.વ.૫૫ તથા તેમના કુટુંબના સભ્યો જીકરભાઈ ગફારભાઈ મોરવાડીયાના ઘરે ગયેલ તે વખતે સમાધાન ન થતાં ઈમરાન જીકરભાઈ, જીકર ગફારભાઈ, હમીદાબેન જીકરભાઈ, રેશ્માબેન જીકરભાઈ, દાદુ ગફારભાઈ મોરવાડીયા રહે. બગસરા તથા સકુર રહે. વડીયાવાળાએ એક સંપ કરી અકીલભાઈ તથા ઈકબાલભાઈને ધકકો મારી પછાડી દઈ બાજુમાંથી લાકડાના પાટીયાનો ઘા મારી અકીલભાઈને મોઢા ઉપર તેમજ વાસામાં ઈજા કરી જીકર તેમજ હમીદાબેને મેમુદાબેનને ઢીકાપાટુનો મારમારી દાદુએ તલવાર કાઢી અન્યોએ યુનુસભાઈને ઢીકાપાટુનું મારમારી રજીયાબેન બચાવવા વચ્ચે પડતા દાદુ તેમજ સકુરે ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે રેશ્માબેન અકીલભાઈ મેતર ઉ.વ.૨૮ પિયરમાં રિસામણે હોય. તેમને તેડવા અને સમાધાન કરવા રેશ્માબેન તથા અન્યો અકીલ યુનુસભાઈ મેતરના ઘરે ગયેલ તે વખતે સમાધાન ન થતાં અકીલ યુનુસભાઈ, યુનુસ સુલેમાનભાઈ, મેમુદાબેન યુનુસભાઈ, ઈકબાલ ભીખુભાઈ વાડુકડા, આફતાબ ઈકબાલભાઈ વાડુકડા રહે. અમરેલી તથા રાજબાઈબેન સતારભાઈ અને સતારે ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## લાઠીના જરખીયામાં યુવાન તેમજ અન્ય ઉપર હુમલો

### ઢીકાપાટુ અને કમરપટ્ટા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લાઠી તાલુકાના જરખીયા ગામે સાગરભાઈ ગોકુળભાઈ આલગોતર ઉ.વ.૨૨ના કુટુંબમાં લગ્નહોય. જેથી જમણવાર માટે છાસ લેવા સાગરભાઈ તથા અન્ય ગામમાં આવેલ રસિકભાઈ કાકડીયાની દુકાને જતાં ત્યાં બાજુમાં જયદેવ ડેરની દુકાન આવેલ હોય આ દુકાને મંથન હેરમાએ સાગરભાઈ તથા તેની સાથે આવેલા સાથે મુછો મરડતા જયદિપ આલગોતરે કહેલ કે અમારી સામે મુછ કેમ મરડો છો જેથી સારૂ નહીં લાગતા મંથન રણજીતભાઈ હેરમા, અક્ષય ગીગાભાઈ ડેર, સતીષ જેઠાભાઈ ડેર, હિરેન રણજીતભાઈ હેરમા રહે. જરખીયા તથા હિતેષ બંધીયા રહે. ટોડા વાળાએ ગાળો બોલી ઢીકાપાટુ તથા કમર પટ્ટા વડે મારમારી ધમકી આપ્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## પીપાવાવ મરીન પોલીસ દ્વારા કબ્જે લીધેલ મુદ્દામાલનો તા.૨૪ મીએ નિકાલ કરાશે

### મુદ્દામાલની જાહેર હરરાજી દ્વારા નિકાલ કરવા આયોજન

અમરેલી, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશને, પાર્ટ નં.૧૧૧૯૩૦૪ ૫૨૪૦૦૧૭/૨૦૨૪ આઈ.પી.સી કલમ ૩૭૯, ૪૦૭, ૪૧૧, ૨૮૫, ૨૮૬, ૧૨૦બી, ૧૧૪ મુજબના ગુન્હાની તપાસ શરૂ છે. આ કામ દરમિયાન રેઈડ સમયે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી આશરે ૩૦૦ લીટર, જેટલું પેટ્રોલ તેમજ ટેન્કરની અંદર ૧૨,૦૦૦ લીટર ડીઝલ તથા બેરલમાં ૫૫૦ લીટર ડીઝલ બનાવવાળી જગ્યાએ જમીનની અંદર ટાંકામાં આશરે ૧૯ ટન ભરેલ ડામરનો મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવા નામદાર કોર્ટને રિપોર્ટ કરતા કબ્જે કરવામાં આવેલા મુદ્દામાલ પેટ્રોલ, ડીઝલ અને ડામર મે.નામ.એડી. સીનિયર સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડી. મેજી.કોર્ટ રાજુલાના ગુ.જા.નં.રૂબરૂ/૨૦૨૪ તા.૧૭.૦૨.૨૦૨૪ મુજબ તપાસ કરનાર અધિકારીને સદરહુ મુદ્દામાલનો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર વેચાણ, નિકાલ કરવા હુકમ કરેલ હોય જેથી અમો તપાસ કરનાર અધિકારીને સદરહું મુદ્દામાલનો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર વેચાણ, નિકાલ કરવા હુકમ કરવામાં આવ્યો હોય જેથી તપાસ કરનાર અધિકારી ઉપરોક્ત ગુન્હાના મુદ્દામાલની તા.૨૪.૦૨.૨૦૨૪ના બપોરે ૧૨ વાગ્યે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે જાહેર હરાજી થશે. હરાજીમાં હાજર રહેવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે, તેમ પોલીસ ઈન્સપેક્ટર પોલીસ સ્ટેશન રાજુલાએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલીમાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા મોત

### દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન પ્રૌઢનું મોત નિપજ્યું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી કુંકાવાવ રોડ સોમનાથ મંદિર સામે રહેતા નથુભાઈ કાળુભાઈ મકવાણા ઉ.વ.૪૦ છેલ્લા સાતેક વર્ષથી માનસિક બિમાર હોય જેની દવા રાજકોટની ચાલુ હોય અને બીમારીના કારણે માથામાં અસહ્ય દુખાવો થતા સહન નથતાં કંટાળી જઈ પોતે પોતાની મેળે તા.૧૮-૨ના બપોરના ઝેરી દવાના ટીકડા પી જતા પ્રથમ અમરેલી સિવીલ હોસ્પિટલમાં તથા સમયક હોસ્પિટલમાં લઈ જતા સારવાર દરમિયાન મોત નિપજયાનું હે.કોન્સ. જે.ડી. માંગાણીએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## રાજુલાના પીપાવાવમાં યુવાન ઉપર હુમલો

### ચાર શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના પીપાવાવમાં કોળી જ્ઞાતિની વાડી પાસે તા.૧૯-૨ના બપોરના સુરેશભાઈ માલાભાઈ મકવાણા ઉ.વ.૨૬ને વિપુલ મંગાભાઈ ગુજરીયાની સગાઈ તુટી ગયેલ. જે મનદુ:ખ રાખી મંગા બાલુભાઈ ગુજરીયાએ આવી ગાળો બોલી તેમના ત્રણેય દિકરાઓ મુકેશ, વિપુલ, જગદિશ ઉર્ફે જગોએ ઝપ્પા જપી કરી મુંઢમાર મારી વિપુલે પાઈપ વડે કપાળમાં તથા ડાબી આંખે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીમાં છત્રપતિ શિવાજી મહારાજ જન્મ જયંતિ ઉજવાઈ

### જિલ્લા બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરાઈ






અમરેલી, છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતિ નિમિત્તે જેસિંગપરા શિવાજી ચોક ખાતે અમરેલી જિલ્લા બજરંગદળ અને વિશ્વહિન્દુ પરિષદ દ્વારા ફૂલહાર અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી આ તકે બજરંગદળ નાં જિલ્લા પ્રમુખ શ્રી વિદુરભાઈ ડાબસરા, વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ શ્રી ઈતેસભાઈ મેહતા એડવોકેટ વિનુભાઈ ડાબસરા નગર પાલિકા ના ચેરમેન સનીભાઈ ડાબસરા અશ્વમેઘ ગ્રૂપ ના પ્રમુખ શ્રી રવિરાજ ભાઈ સેખવા, શ્રી મહાવીરભાઈ વીંછિયા, શ્રી રાજેન્દ્રભાઈ ધાખડા, કેતનભાઈ મેહતા, રશ્મિભાઈ ત્રિવેદી, અશોકભાઈ તનવાની, પંકજભાઈ ત્રિવેદી, પ્રતાપભાઈ રાઠોડ, જતીન સાવલિયા, શ્રી સુમિતભાઈ સિંધવ, મયુર જેઠવા, ધ્રુવ ગઢાદરા, નિકુંજ કાકરેચા, અવી ભાઈ કોરાટ, અમન રાઠોડ, સ્મિત સોનપાલ ગૌરવ મેહતા, વિજયભાઈ ડાબસરા, હર્ષ પાડલીયા, દિવ્યેશ મેહતા, અભી સેલાની, નીરલ રામાણી સહિત બજરંગ દળ ની સમગ્ર ટીમ હાજર રહ્યા હતા

## ધારીમાં હોમગાર્ડ નિવૃતી વિદાયમાન અપાયું



ધારી, ધારી હોમગાર્ડ મા ફરજ બજાવતા જવાન દિનેશભાઈ બી મકવાણા જેઓ વય મર્યાદા થી હોમગાર્ડ મા ફરજ મા નિવૂત થતા એમનો વિદાય કાર્યક્રમ યોજાયો હતો ઉપસ્થિત સિનિયર હોમગાર્ડ ભીખુભાઈ માઢક અને ભરતભાઈ જાની, સલીમભાઈ શેખ એ શ્રીફળ પડો આપી સાલ ઓઢાડી વિદાય સન્માન કરવામાં આવેલ અને તેમની કર્તવ્ય નિષ્ઠા ફરજ ને સન્માનીય યાદગાર ક્ષણ ને કયારેય નહીં ભુલાય હવે ના દિવસો દિનેશભાઈ પરિવાર સાથે સુખમય જીવન ખુશીઓથી ભરપૂર રહે એવી શુભેચ્છાઓ પાઠવી ત્યારે હાજર સૌ હોમગાર્ડ જવાનો એ પણ હાજરી આપેલ.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૧.૨.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦, મહા સુદ બારસ, પુનર્વસુ નક્ષત્ર, આયુષ્ય યોગ, કૌલવ કરણ આજે સવારે ૭.૪૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ,ઠ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો, શુભ દિન.
વૃશ્ચિક (ન,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ) : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ,સ,શ) : હિત શત્રુઓ થી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## બગસરામાં કાઠી ક્ષત્રિય સમાજે આવેદનપત્ર પાઠવ્યું

### મામલતદારને આવેદન આપી રોષભેર રજુઆત



બગસરા, (સમીર વિરાણી), બગસરામાં કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યો હતો વિગત અનુસાર આહિર સમાજ ના લગ્ન પ્રસંગે જાહેર સ્ટેજ પરથી ચારણ ગઢવી સમાજ વિશે અપમાનજનક અને અભદ્ર શબ્દ બોલી ચારણ ગઢવી સમાજની બદનામી થાય તેવા શબ્દનો ઉપયોગ કરી તેમ જ અમારા માતાજી સોનબાઈ માં વિરુદ્ધ અપમાનજનક ખરાબ શબ્દોનો ઉપયોગ કરતા વિડીયો વાયરલ થયેલ હોય જે વિડિયો ના લીધે કાઠી સમાજની લાગણી દુભાયેલ છે અને ચારણ ગઢવી સમાજ વિશે દવેશ ભાવ પેદા થાય તે રીતે જાહેર મંચ પરથી ઉસકેરાયેલ જનક ભાષણ કરેલ હોય જેના વિરુદ્ધ માં કાયદેસર કાર્યવાહી કરવા બગસરા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં સરકાર સરકારશ્રીની વિનંતી કરી આ વ્યક્તિ વિરુદ્ધ ધાર્મિક લાગણી દુભાવવા બદલ નો કેસ કરવા અને તેની સામે આખરી કાર્યવાહી કરવા માંગણી કરી હતી તેમજ આ અભદ્ર ભાષા બોલનાર વ્યક્તિને જાહેરમાં માફી માંગવા માં આવે તેવી સખત કાર્યવાહી કરવા આ બગસરા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા માંગણી કરી હતી એ આવેદનપત્રમાં બગસરા તાલુકાના કાઠી ક્ષત્રિય સમાજના યુવાનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૯૯ થી ૧૫૦૧ મગફળી ૧૧૦૦ થી ૧૩૨૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૪૦-૧૨૮૧
શિંગમોટી-૧૧૦૦-૧૩૨૬
જુવાર-૫૮૦-૭૬૫
તલસફેદ-૧૫૦૦-૩૧૨૦
તલકાશ્મીરી-૩૮૮૦-૪૧૩૯
બાજરો-૪૫૯-૫૧૪
ઘઉંટુકડા-૪૪૦-૬૮૪
ઘઉંલોકવન-૪૪૧-૫૬૧
એરંડા-૧૦૫૪-૧૦૯૫
ચણા-૮૩૦-૧૧૩૬
કપાસ-૯૯૯-૧૫૦૧
રાયડો-૮૫૬-૮૯૨
જીરૂ-૩૯૭૫-૬૨૭૫
ધાણા-૧૧૧૬-૧૪૯૦
સોયાબીન-૮૩૦-૮૪૭
તુવેર-૧૨૪૦-૧૮૪૫
મરચાલાંબા-૧૦૨૦-૪૪૦૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૬૦-૩૨૦
રીંગણા-૩૫૦-૪૪૦
ફલાવર-૨૦૦-૩૮૦
કોબીઝ-૨૦૦-૨૬૦
ટમેટાં-૩૦૦-૫૦૦
વટાણા-૮૦૦-૧૦૦૦
ગાજર-૨૨૦-૩૨૦
કારેલા-૭૦૦-૮૦૦
ગલકા-૪૦૦-૬૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૮૦૦-૧૨૦૦
ચોળાલીલા-૫૦૦-૭૦૦
તુરીયા-૬૨૦-૮૨૦
ભીડો-૫૨૦-૬૪૦
આદુ-૧૬૫૦-૨૦૨૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૨૨૦-૩૪૦
વાલ-૭૪૦-૮૦૦
લીમડોમીઠો-૮૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૮૪૦
લસણસુકું-૨૮૦૦-૪૧૦૦
લીંબુ-૧૭૦૦-૨૦૦૦
પાલક-૨૦૦-૩૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૦-૫૦૭
જુવાર-૪૦૦-૮૩૦
ઘઉં-૪૭૦-૫૨૦
અડદ-૧૫૦૦-૧૫૦૦
ચણા-૧૦૫૦-૧૧૦૬
સોયાબીન-૮૧૨-૮૧૨
અજમા-૨૪૦૧-૩૦૦૦
તુવેર-૧૭૦૦-૧૭૦૦
કપાસ-૧૦૧૧-૧૫૪૫
ધાણા-૧૪૦૨-૧૪૦૨
રાય-૮૮૧-૧૧૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૫૮-૬૬૮
ડુંગળીલાલ-૧૫૦-૩૯૨
ડુંગળીસફદે-૨૪૧-૩૬૦
તલસફેદ-૨૪૦૦-૨૯૩૫
મગ-૧૨૦૦-૨૩૯૨
અડદ-૧૭૦૬-૧૭૦૬
ચણા-૯૦૦-૧૧૪૪
તુવેર-૭૦૦-૧૯૦૦
મકાઈ-૩૮૧-૩૮૧
કપાસ-૭૦૦-૧૪૧૧
સોયાબીન-૮૨૧-૮૪૦

**બાબરા**
કપાસ-૧૨૮૦-૧૫૭૨
ધાણા-૧૦૩૦-૧૨૭૦
ચણા-૧૦૫૪-૧૧૨૬
ઘઉં-૪૪૮-૫૯૨
તુવેર-૧૪૬૫-૧૮૭૫
જીરૂ-૪૨૮૫-૫૭૨૫
મગફળી-૧૧૪૪-૧૨૩૬

**ધારી**
કપાસ-૧૨૦૬-૧૪૦૧
મગફળી-
તુવેર-૧૬૦૦-૧૬૦૦
સોયાબીન-
ચણા-૧૦૮૯-૧૧૦૧
ઘઉં-૪૫૫-૫૩૦
ચોળી-
શીંગ-
ધાણા-૧૦૦૫-૧૨૮૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૭૫-૧૩૪૭
તલસફેદ-૨૮૦૦-૩૧૦૦
જીરૂ-૪૧૦૦-૫૮૬૦
તુવેર-૧૫૫૦-૧૯૧૦
કપાસ-૧૩૦૦-૧૫૪૩
ઘઉં-૪૫૧-૬૨૧
જુવાર-૭૧૬-૮૧૦
ધાણા-૧૨૦૦-૨૨૦૦
ચણા-૧૦૨૫-૧૧૫૦
સોયાબીન-૭૫૦-૮૩૬
રાય-૧૨૦૦

**ખાંભા**
કપાસ-૧૨૧૨-૧૪૬૦
જીરૂ-૫૩૬૦-૫૩૬૦
ઘઉં-૫૨૧-૫૨૧
ધાણા-
જુવારસફેદ-૯૨૬-૯૨૬
મેથી-૧૨૦૧-૧૨૦૧
તલસફેદ-
ચણા-૧૦૭૫-૧૧૧૧

**બગસરા**
કપાસ-૧૦૫૦-૧૫૦૦
તલસફેદ-૨૬૨૫-૨૭૪૦
ચણા-૮૦૫-૧૧૧૫
ઘઉંલોકવન-૪૩૮-૫૫૧
ઘઉંટુકડા-૫૪૯-૫૭૨
મેથી-
જીરૂ-
ધાણા-૯૪૦-૧૨૪૫
તુવેર-૧૧૦૫-૧૭૯૦
મગફળી-૧૧૭૧-૧૧૭૧
રાય-૯૫૫-૯૫૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૨૦૦
દાડમ-૬૦૦-૨૦૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૬૦૦-૯૦૦
કીવી-૩૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૬૦૦
બોર-૨૦૦-૪૦૦
કેળા-૩૦૦-૫૦૦
પોપૈયા-૨૬૦-૩૭૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૨૦૦-૨૨૦૦
અનાનસ-૧૦૦૦-૧૨૦૦
અંગુર-૫૦૦-૧૦૦૦

**લીલીયા**
કપાસ-૧૦૮૬-૧૪૦૮

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૫.૦
ન્યુનતમ તાપમાન ૧૮.૨
ભેજનું પ્રમાણ ૮૬
પવનની ગતિ સરેરાશ-.૮.૮

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ — સંપર્ક: **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી

સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર

પાના નં ૫

તા.૨૧-૨-૨૦૨૪ બુધવાર





શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...

એક જ ભાવ વ્યાજબી ભાવ

હંમેશા કંઇક નવું...

(બાબરાવાળા)

**આનંદ કલોથ સ્ટોર**

હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪




**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### રાજયસભા સાંસદ અને કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત

# જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું પરિણામ જાહેર

## સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં વય ગૃપ ૧૮ થી ૧૬ વર્ષ અને વય જુથ ૩૫ વર્ષની ઉપરનાં સ્પર્ધકોને સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ બિરદાવી સન્માનીત કરાયાં

## તા.૧૨-૨-૨૪નાં રોજ પુર્ણ થયેલ જિલ્લા કક્ષાની સાંસ્કૃતિ સ્પર્ધાનું પરિણામ સાથે વિજેતા સ્પર્ધકોને રજત ચંદ્રક અને વાજીંત્રો વગાડનારા કલાકારોને પણ સન્માનીત કર્યા



અમરેલી, અમરેલી જિલ્લાના કલાકારોની સુષુપ્તશક્તિઓને બહાર લાવવાના શુભ હેતુ સાથે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યસભા સાંસદ અને કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા અમરેલી સ્થિત કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય (નૂતન મિડલ સ્કૂલ)ના પ્રાંગણમાં યોજાઈ હતી. આ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે તે મુજબ ૮ થી ૧૬ વર્ષ સુધી વય વૃધ્ધમાં રાસમાં પ્રથમ ખજુરી પ્રા.શાળા, દ્વિતીય કે.પી.મહેતા વિદ્યાલય જાફરાબાદ, તૃતીય ગુરૂકુળ પ્રા.શાળા તરવડા, ગરબામાં પ્રથમ આદર્શ આશ્રમ શાળા બાંભમણીયા, દ્વિતીય મતિરાળા પે.સેન્ટર શાળા, તૃતિયમાં કે.પી.મહેતા વિદ્યાલય જાફરાબાદ, સમુહગીતમાં પ્રથમ ગુરૂકુળ પ્રા.શાળા તરવડા, દ્વિતીય કે.પી.મહેતા વિદ્યાલય જાફરાબાદ, તૃતિયમાં સંઘવી કન્યા વિદ્યાલય લાઠી, પ્રભાતીયામાં પ્રથમ કાબરીયા પ્રિયાંશ અમરેલી, દ્વિતીય રાઠોડ હિર જગદીશભાઈ બાબરા, તૃતિય બાંભણીયા કિર્તી રાજેશભાઈ જાફરાબાદ, સુગમ સંગીતમાં પ્રથમ વડાવીયા રૂચા એચ. બાબરા, દ્વિતીય ચૌહાણ બંસરી એન. સાવરકુંડલા, તૃતિયમાં સોલંકી સંસ્કૃતિ બી.જાફરાબાદ, લગ્ન ગીતમાં પ્રથમ જોષી જીલ અમરેલી, દ્વિતીય આદ્રોજા ગ્રીશા વી. લાઠી, તૃતિય સાનીયા પીતુ એમ. સલડી, લોકગીતમાં પ્રથમ બાંભણીયા અસ્મિતા એમ. જાફરાબાદ, દ્વિતીય બોળીયા જેનીષા આર. સાવરકુંડલા, તૃતિયમાં ભાલ ધ્રુતી એન. બાબરા, ભજનમાં પ્રથમ ઘોઘારી અર્થ ડી. તરવડા, દ્વિતીયમાં ડાબસરા હેતસ્વી વડીયા, તૃતિય હાડગરડા મયુર એન.બાબરા, કથકમાં પ્રથમ પડ શાળા સાયશા આર. અમરેલી, દ્વિતીય બારડ ધૈર્યા રાજુલા, તૃતિય મોણપરા સૌમ્યા ડી. સાવરકુંડલા, ધોળમાં પ્રથમ ખાનપરા શ્રેયા કે. કુંકાવાવ, દ્વિતીય રાઠોડ તૃષા ડી. ધારી, તૃતીય ચૌહાણ ભાવીશા ખાંભા, હાલરડામાં પ્રથમ વોરા મનશ્રી અમરેલી, દ્વિતીય રાવત સીમા એ. બાબરા, તૃતિય તેરૈયા શુભમ પી. ધારી, તબલામાં પ્રથમ જોષી ધૈર્ય વી. ધારી, દ્વિતીય કાચા વંદન ડી. અમરેલી, તૃતિય ત્રિવેદી શ્લોક એમ. સાવરકુંડલા, હાર્મોનીયમમાં પ્રથમ કડવાણી પૃષ્ટિબેન એ.સાવરકુંડલા, દ્વિતીય રાઠોડ સેજલ એમ. ધારી, તૃતિય બગડા વંશીકાસી. લાઠી, મંજીરામમાં પ્રથમ રૂડાણી નીલ આર.તરવડા, દ્વિતીય ઠોડીયા રૂદ્ર કુંકાવાવ, તૃતિય વામજા રૂદ્ર બી. લાઠી, બેન્જોમાં વાઘેલા કાર્તિક જાબાળ, ઢોલ લોક વાદયમાં સોજીત્રા ઓમ યુ.સાવરકુંડલા, દ્વિતીય દેસાઈ જીલ અમરેલી, તૃતિય ચૌહાણ હીના રાજુલા, દુહા છંદ, ચોપાઈમાં પ્રથમ ભીસરીયા પૃથ્વીરાજ બી. ધારી, દ્વિતીયમાં સમેજા અક્ષીતા પી. બાબરા, તૃતિયમાં ત્રિવેદી રૂદ્રવાય. કુંકાવાવ, લોકવાર્તામાં પ્રથમ વામજા જયરાજ એસ. અમરેલી, તૃતીય વાઘેલા ખુશ સાવરકુંડલા, તૃતિયમાં મહિડા નિસાર્થ બી. ધારી

વય ગૃપ ૩૫ થી ઉપરનાં વિભાગમાં સમુહ ગીતમાં પ્રથમ સહીયર ગૃપ બાબરા, પ્રભાતીયામાં પ્રથમ સલખણા ભાનુબેન અમરેલી, દ્વિતીય શેલડીયા અરવિંદભાઈ સાવરકુંડલા, તૃતિય કણસાગરા ભરતભાઈ છગનભાઈ કુંકાવાવ, સુગમ સંગીતમાં પ્રથમ ચુડાસમા કાજલબેન ધારી, દ્વિતીય ચૈતન્ય સ્વામી પ્રકાશ એમ. બાબરા, તૃતિય વૈધ યોગીતાબેન પી.અમરેલી, લગ્નગીતમાં ધામત વિપુલભાઈ એન. અમરેલી, દ્વિતીય પરમાર મંજુલાબેન ધારી, લોકગીતમાં વાઘેલા વંદનાબેન અમરેલી, દ્વિતીય નિમાવત ઉષાબેન કાળીદાસ લાઠી, ભજનમાં મોભ તખુભાઈ એ.ખાંભા, દ્વિતીય મકવાણા પરેશભાઈ જે.લીલીયા, તૃતિય ડો.પદ્માકર વૈદ અમરેલી, ધોળમાં દવે સરીતાબેન પી.અમરેલી, દ્વિતીય નિમાવત રંજનબેન કે.લાઠી, હાલરડામાં પારઘી નિકીતાબેન એમ.લાઠી, દ્વિતીય ગજેરા ભાવનાબેન જે.કુંકાવાવ, વાંસડીમાં પ્રથમ ઠાકર અનિલકુમાર બી.અમરેલી, દ્વિતીય જોષી પ્રશાંત અનિલભાઈ, તબલામાં પ્રથમ કારીયા ભાવેશભાઈ પી.ધારી, હાર્મોનીયમમાં પ્રથમ ગોજારીયા બીપીનભાઈ વી. અમરેલી, બેન્જોમાં પ્રથમ પરમાર બળદેવભાઈ આર.બાંભણીયા, ઢોલ, લોકવાદયમાં પ્રથમ ઠાકર પ્રફુલકુમાર ડી. અમરેલી, દુહાછંદ ચોપાઈમાં પ્રથમ રાઠોડ પંકજભાઈ બી. લાઠી, દ્વિતીય ગોંડલીયા શાંતીદાસ એમ. ખાંભા.

વય ગૃપ ૧૭ થી ૩૫ સુધીમાં ગરબામાં પ્રથમ તુન્ની વિદ્યાલય અમરેલી, દ્વિતીય કપોળ કન્યા છાત્રાલય સાવરકુંડલા, તૃતિય જે.એન.મહેતા હાઈસ્કુલ ખાંભા, સમુહગીતમાં પ્રથમ સંઘવી કન્યા વિદ્યાલય લાઠી, દ્વિતીય કપોળ કન્યા છાત્રાલય સાવરકુંડલા અને પ્રભાતીયમાં પ્રથમ બાખલખીયા સુહાની વિક્રમભાઈ લાઠી, દ્વિતીય ઝાલા પુજાબા મહેન્દ્રસિંહ સાવરકુંડલા, તૃતિય બારૈયા અવિનાશ બાબુભાઈ જાફરાબાદ, સુગમ સંગીતમાં પ્રથમ ભટ્ટ અમીબેન વાય. અમરેલી, દ્વિતીય સલખણા સિધ્ધાર્થ એ. લાઠી, તૃતિયમાં હરિયાણી મીત આર. સાવરકુંડલા, લગ્નગીતમાં પ્રથમ રામાનુજ સલોની અમરેલી, દ્વિતીય બલદાણીયા વિશ્રાંતી આર. ધારી, તૃતિય મુંધવા નેહા એન. લાઠી, લોકગીતમાં પ્રથમ વાળા રજનીશભાઈ એમ.ખાંભા, દ્વિતીય ડેર ગોપી લીલીયા, તૃતિય કુરેશી શહેનુર રાજુલા, ભજનમાં પ્રથમ દવે દેવમ એચ. અમરેલી, દ્વિતીય યાદવ બ્રિજેશ એલ. લાઠી, તૃતિય હિરપરા તનવી આર. લીલીયા, કથકમાં પ્રથમ જેઠવા વિશ્વા પી. અમરેલી, ધોળમાં પ્રથમ ચોડવડીયા તરૂણ એસ. અમરેલી, દ્વિતીય સોજીત્રા વૈશાલી બગસરા, હાલરડામાં પ્રથમ પારઘી પાયલ દેવજીભાઈ સાવરકુંડલા, તબલામાં પ્રથમ ગોસ્વામી મંત્ર કે. સાવરકુંડલા, દ્વિતીયમાં કોટડીયા રવી એચ. અમરેલી, તૃતિય વડીયા ભૌદિપ પી. ખાંભા, હાર્મોનિયમમાં પ્રથમ બગડા કલરવ એમ. સાવરકુંડલા, દ્વિતીય ગોહિલ ભદ્રેશ યુ. ખાંભા, મંજીરામાં પ્રથમ બાંભણીયા દિવ્યેશ દિલીપભાઈ જાફરાબાદ, ઢોલ, લોકવાદયમાં પ્રથમ ચૌહાણ નિલેશ હરેશભાઈ જાફરાબાદ, દુહા, છંદ, ચોપાઈમાં પ્રથમ મોભ ભાવેશભાઈ જે. ખાંભા, દ્વિતીયમાં ચાંદુ કેતનભાઈ સાવરકુંડલા, તૃતિયમાં સાંખટ ઈન્દ્રભુપતભાઈ જાફરાબાદ, લોકવાર્તામાં પ્રથમ વાઘ કનુભાઈ રામભાઈ રાજુલા, દ્વિતીયમાં પરવાડીયા ખુશી મોહનભાઈ સાવરકુંડલા, તૃતિય ડાબસરા અર્શિતા બી. બગસરા. આ મુજબ તા.૧૨-૨-૨૪નાં રોજ પુર્ણ થયેલ જિલ્લા કક્ષાની સાંસ્કૃતિ સ્પર્ધાનું પરિણામ જાહેર થતા વિજેતા સ્પર્ધકોને રજત ચંદ્રકથી સન્માન કરવામાં આવ્યું છે અને વિજેતા થયેલા સ્પર્ધકોની સાથે વાજીંત્રો વગાડનારા કલાકારોને પણ રજત ચંદ્રકથી સન્માન કરવામાં આવ્યું છે. તેમ ડો.કેતન કાનપરીયાએ જણાવ્યું છે.

# અમરેલીની સરકારી અનુસુચિત જાતિ કુમાર છાત્રાલય ફરી શરૂ કરવામાં આવી

## ચાડીયાના સામાજીક ન્યાય સમિતિના ચેરમેન દિપાલીબેન મકવાણાની મહેનત રંગ લાવી



અમરેલી, અમરેલી જીલ્લાની નાયબ નિયામક અનુજાતિ કલ્યાણ કચેરી અમરેલી દ્વારા સંચાલિત અનુ. જાતિ કુમાર છાત્રાલય આશરે બે વર્ષ આસપાસ બંધ હાલતમાં હતી. છાત્રાલયનું મકાન રહેવાલાયક ના હોવાથી બંધ કરવામાં આવેલ હતી. અને લાંબા સમયથી બંધ છાત્રાલયની વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી.જેના કારણે અમરેલી જીલ્લાની આસપાસના તાલુકા તથા જીલ્લાના છેવાડાના તાલુકાના વિધાર્થીઓ અભ્યાસ માટે આવતા હોય ત્યારે છાત્રાલય બંધ હોવાના કારણે વિધાર્થી ભાઈઓને અમરેલીમા અભ્યાસ માટે રહેવાની વ્યવસ્થા કરવી ખુબ જ અઘરી હતી. અને આવા મધ્યમ વર્ગના બાળકો મોંઘીદાટ ખાનગી છાત્રાલયમાં રહી અભ્યાસ કરી શકતા નહતા.અને છાત્રાલય બંધ હોવાથી અભ્યાસ છોડવા મજબુર બનતા હતા. જેથી ચાડીયાના સામાજીક ન્યાય સમિતિના ચેરમેન દિપાલીબેન મકવાણા દ્વારા કલેકટરશ્રીને રજુઆત કરેલ. જેથી નિયમાનુસાર કાર્યવાહી કરવા નાયબ નિયામક અનુજાતિ કલ્યાણ અમરેલીને સુચના આપવામાં આવેલ.જેથી અનુજાતિ કલ્યાણ કચેરી અમરેલી દ્વારા કુમાર છાત્રાલય માટે અન્ય જગ્યાએ વૈકલ્પિક વ્યવસ્થા કરી છાત્રાલયમાં પ્રવેશની પ્રક્રીયા શરૂ કરવામાં આવી છે. છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માંગતા ધો-૧૧,૧૨ તેમજ કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ભાઈઓ અને નાયબ નિયામક ,અનુજાતિ કલ્યાણ, બહુમાળી ભવનો બ્લોક/બી ત્રીજો માળ, અમરેલી ખાતે કચેરીનો સંપર્ક સાધવા જણાવ્યું છે.

### લાયન્સ કલબ ઓફ અમરેલી મેઇન દ્વારા

# અમરેલીના દહિંડા પ્રા. શાળામાં પુસ્તકાલય અર્પણ

## જ્ઞાન પરબ અર્પણ કાર્યક્રમ અને દંતયજ્ઞ યોજાયો



અમરેલી,લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા અમરેલી તાલુકાના દહીંડા ગામમાં સરકારી પ્રાથમિક શાળામાં લાયન્સ પુસ્તકાલય ૧૦મું 'જ્ઞાનપરબ' અર્પણ કરવામાં આવ્યું આ સાથે વિધાર્થી અને વાલીઓ માટે ફ્રી ડેન્ટલ કેમ્પ પણ નું આયોજન થયું હતું આ કાર્યક્રમના અધ્યક્ષ લા દિનેશભાઈ ભુવા ક્લબ ના પ્રમુખ લા કૌશિક હપાણી ક્લબના મંત્રી લા દિવ્યા સોજીત્રા ક્લબના સહખજાનચી લા ઘનશ્યામ હપાણી સિનિયર મેંબર લા રાજુભાઈ પરીખ લા નનુભાઈ તળાવિયા ઝોન ચેરપર્શન લા નિલેશભાઈ ઠુંમર દહીંડા ગામના સરપંચ ગીતાબેન ભુપતભાઈ હપાણી પૂર્વ આચાર્ય ઘેલાભાઈ મકાણી વિદ્યામંદિર ટ્રસ્ટ ના પ્રમુખ મુકેશભાઈ હપાણી માધ્યમિક શાળા ના આચાર્ય કિશોરભાઈ પાનસુરીયા પ્રા શાળા ના આચાર્ય દવે ભાઈ અમરાપુર પ્રા શાળા ના પૂર્વ આચાર્ય રમેશભાઈ ભીમાણી કાંતાબેન કીકાણી સ્કૂલ જીસ્મ ના સભ્યો અને ગામના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા ડેન્ટલ કેમ્પ માટે વેદાંત ડેંટલકેર ના ડો સ્વાસ્વત સોલંકી અને ડો ગ્રીષ્મા વાઘેલાએ સેવા આપી હતી ક્લબની યાદીમાં રાજુભાઈ પરીખ જણાવે છે.

# ગાંડા બાવળને કાપીને કોલસો બનાવવાની યોજના દસ વર્ષ વિત્યા છતાં પણ અધ્ધરતાલ

## જે તે સમયે કોલસો બનાવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને આવકનું મોટું સાધન આપવાનો હેતુ હતો

અમરેલી,ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં ગાંડા બાવળને કાપીને તેમાંથી કોલસો બનાવવાની યોજના ૧૦ વર્ષે પણ ફળીભુત થયેલ નથી.મહેસુલ વિભાગ , વન પર્યાવરણ અને પંચાયત વિભાગના અધિકારીઓની બેદરકારીના કારણે આ યોજના હજુ સુધી અધ્ધરતાલ છે. જે તે સમયે ગાંડા બાવળને કાપીને તેમાંથી કોલસો બનાવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને આવકનું મોટું સાધન આપવાનો હતો.જો આ યોજના અમલમાં મુકવામાં આવે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ઘણો મોટો ફાયદો થઈ શકે એમ છે.સરકાર કક્ષાએ ધારાસભ્યોની સમિતિ પણ બનાવવામાં આવેલી.પરંતુ અધિકારીઓની આળસ અને બેદરકારીના કારણે આ યોજનાનું અમલીકરણ થઈ શકયું નહી. અને અધ્ધરતાલ રહી જવા પામી હતી.શું આ યોજના ફરી શરૂ થશે ખરી? આવો વેધક સવાલ લોકો પુછી રહયા છે તેમ લીલીયા તાલુકા ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

# સાવરકુંડલા કૃષ્ણ ગૌશાળામાં સોલાર ઉર્જા પ્લાન્ટનું લોકાર્પણ કરાશે

## સાવરકુંડલાના વતની અમેરીકાના જસવંતભાઈ દોશીએ કરેલી ઉર્જા પ્લાન્ટની ઉદાર સખાવત

સાવરકુંડલા(સૌરભ દોશી)

સાવરકુંડલા દેવળા ગેઈટ પાસે કૃષ્ણ ગૌશાળામાં તા. ૨૨-૨ ગુરૂવાર બપોરના ૩:૩૦ કલાકે છેલ્લા ૨૫ વર્ષથી અંધ, અપંગ,બીમાર ગાયોની સેવા કરતી સંસ્થાને અમેરીકાથી પધારેલ ઉદાર સખાવતી અને સાવરકુંડલાના વતની જસવંતભાઈ રતીલાલ દોશીએ સોલાર ઉર્જા પ્લાન્ટ માટે ડોનેશન આપ્યું હતું. જેનું લોકાપર્ણ તથા નામકરણ તકતી અનાવરણ કાર્યક્રમના પ્રમુખ સ્થાને સાંસદ નાણભાઈ કાછડીયા, તકતી અનાવરણ દાતા જસવંતભાઈ રતીલાલ દોશી(રતીલાલ રામચંદ દોશી પરીવાર ), અતિથિ વિશેષ ડો. દિપકભાઈ શેઠ,જયેશભાઈ માટલીયા, કીરીટભાઈ મગીયા, તેમજ સંતોના આશીર્વચનમાં પુ. ભકિતરામબાપુ માનવમંદિર સાવર કુંડલા, પુ. હસુબાપુ કાનજી બાપુની જગ્યા,, મહેશદાસજી બાપુ બોઘરી યાણી ખોડીયાર મંદિર, પુ.જયોતિમૈયા સનાતનઆશ્રમ બાઢડા ,પુ. નારણદાસબાપુ કબીર ટેકરી ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.આ કાર્યક્રમમાં રાજકીય હાદેદારો તેમજ જુદીજુદી સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તેમ સંસ્થાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર દ્વારા જણાવ્યું છે.

# બગસરામાં સથવારા સમાજ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાયો

## શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી જે.વી. કાકડીયા, કોકીલાબેન કાકડીયાની ઉપસ્થિતિ :નવદંપતિઓને આર્શિવચન



બગસરા,( સમીર વિરાણી) આ કાર્યક્રમ માં માજી કૃષિ મંત્રી દીલીપભાઈ સંઘાણી એ હાજરી આપેલ તેમજ અમર ડેરી ચેરમેન અસ્વીનભાઈ તેમજ ધારાસભ્ય જેવી કાકડીયા ના ધર્મપત્ની કોકિલાબેનએ પણ હાજરી આપેલ આ કાર્યક્રમ માં ૬ નવ દંપતિઓ એ પ્રભુતા માં પગલાં પડેલ આ કાર્યક્રમ માં સૌરાષ્ટ્ર ના સથવારા સમાજ ના અગ્રણીઓએ પણ હાજરી આપેલ અને નવદંપતિ ને આશીર્વાદ આપેલ હતા અને પધારેલ મહેમાનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અને કાર્યક્રમ માં દીપ પ્રાગટય કરી અને કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. સથવારા સમાજના ટ્રસ્ટીઓ આગેવાનો હાજર રહ્યા હતા.

# ધારી ખાતે સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ



ધારી, ભારત સરકારના કેબિનેટ મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત સમગ્ર અમરેલી જિલ્લાના ખેલ રસીકો માટે સાંસદ ખેલ મહોત્સવનું તાલુકા કક્ષાએ આયોજન કરીને સમગ્ર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે યુવાનોમા રહેલ હીર પારખીને તેને ટોચ સુધી લઈ જવા માટે સાંસદ ખેલ મહોત્સવનું સુંદર આયોજન ધારી ખાતે કરવામા આવેલ. આ તાલુકા કક્ષાનું આયોજન ધારીની શ્રી જી. એન. દામાણી હાઈસ્કુલ ખાતે કરવામા આવેલ, સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ રાજકીય આગેવાનો અને અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતના સદસ્ય અને આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી અશ્વિનભાઈ કુંજડિયા, સાંસદ ખેલ સ્પર્ધાના કન્વીનર શ્રી અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીતુભાઈ જોષી, પૂર્વ ધારાસભ્યશ્રી મનસુખભાઈ ભુવા, પૂર્વ ધારાસભ્ય શ્રી નલિનભાઈ કોટડીયા, તાલુકા ભાજપ મહામંત્રી શ્રી મૃગેશભાઈ કોટડીયા, જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જેન્તીભાઈ પાનસુરીયા, જીલ્લા પંચાયતના સદસ્ય શ્રી ભુપતભાઈ વાળા, શ્રી કમળાબેન ખોડાભાઈ ભુવા, ધારીના મામલતદાર શ્રી એ.પી. વ્યાસ, તાલુકા વિકાસ અધિકારી શ્રી એસ. સી. ભટ્ટ, ભાજપ અગ્રણી શ્રી સુરેશભાઈ ગમારા, ધારી માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન શ્રી રમણીકભાઈ સોજીત્રા, તેમજ દામાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી માનસિંહ બારડ સાથે રમત ગમત કન્વીનર શ્રી એન. બી. જોટવા તથા શ્રી ડી. એલ. ચાવડા સહીત હાઈસ્કૂલના તમામ વિદ્યાર્થીઓ તથા ખેલાડીઓ અને સ્ટાફગણની ઉપસ્થિતિમાં આ રમત ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# બાબાપુરમાં અજવાળાનો ઉત્સવ ઉજવાયો

## ધારીના અબ્બાસભાઇ કપાસીની પાવન સ્મૃતિમાં આયોજન



અમરેલી,ધારી નિવાસી અબ્બાસભાઈ કપાસીની પાવન સ્મૃતિમાં, એમના પુત્ર શબ્બીરભાઈ (હાલ શિકાગો અમેરિકા) ના જન્મદિવસ નિમિત્તે માતુશ્રી ખતિજાબેનના હસ્તે સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાને બે જનરેટર અર્પણ કરવામાં આવ્યા એના ઉપલક્ષમાં અમારી સંસ્થાના નિયામકશ્રી મંદાકિનીબેના માર્ગદર્શનમાં 'અજવાળાનો ઉત્સવ' કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.કાર્યક્રમની શરૂઆત સર્વોદય સરગમ ગ્રુપના ગીતથી કરવામાં આવી હતી.. સંસ્થાના મંત્રીશ્રી મોહનભાઈ વાળા દ્વારા સંસ્થા પરિચય તથા કાર્યક્રમ વિશે માહિતી આપી સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. જનરેટરનું ઉદ્ઘાટન પૂજય ખતીજાબેનના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વતનપ્રેમી શબ્બીરભાઈના પરિવારજનો હાજર રહ્યા હતા. જાણીતા કવિ શ્રી કૃષ્ણભાઈ દવે દ્વારા પ્રાસંગિક, ચોટદાર કાવ્યોની ભાવવાહી રજૂઆત કરવામાં આવી હતી.સમગ્ર દાતા પરિવારનું સંસ્થા દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.અમારી સંસ્થાના નિયામક આ. મંદાકિનીબેન પુરોહિતે જણાવ્યું હતું કે જનરેટર અર્પણથી પૂ. હસુમતીબાનું ૭૫ વર્ષનું સ્વપ્ન આજે પૂરું થયું છે. અંતે નસીમબેન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતુ.કાર્યક્રમનું સંચાલન શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ બાબાપુરના સિનિયર શિક્ષકશ્રી હરગોવિંદભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું..

### પીઢ સહકારી આગેવાન શ્રી દિલીપભાઇ સંઘાણીના નેતૃત્વમાં

# દેશમાં અટલ પેન્શન યોજનામાં અમરેલી જિલ્લા બેંક પ્રથમ ક્રમે

### સમગ્ર દેશમાં અટલ પેન્શન યોજનાનો લક્ષ્યાંક પુર્ણ કરતી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દેશની તમામ બેંકોમાં અમરેલી પ્રથમ સ્થાને આવ્યું

### અટલ પેન્શન યોજનાનો લક્ષ્યાંક પુર્ણ કરી પ્રથમ સ્થાન મેળવતા જિલ્લા બેંકનાં અધિકારીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવતા શ્રી દિલીપ સંઘાણી

અમરેલી,
સરકારશ્રીની અટલ પેન્શન યોજનાથી વધુમાં વધુ લોકો આ યોજના થકી લાભાન્વિત બને તે માટેના અપાયેલા માપદંડોને અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકે સર્વશ્રેષ્ઠ કામગીરી ૧૨૧ લક્ષ્યાંક ઉપરાંતની કામગીરી પાર પાડીને સમગ્ર દેશની સહકારી અને ખાનગી બેંકોમાં સર્વ પ્રથમ સ્થાન મેળવીને વિશીષ્ટ સિધ્ધી હાંસલ કરતા અમરેલી જીલ્લા સહિત સહકારી ક્ષેત્રે ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક એ અટલ પેન્શન યોજના અભિયાન તળે કુલ ૨૦૯ બેંકોની કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી કરીને અપાયેલ ૭૫૦ ના લક્ષ્યાંક સામે ૧૫૧૯ હાંસલ કરીને અનુકરીણય કામગીરી કરેલ છે. ૧૦૦ ટકાના લક્ષ્યાંક સામે ૨૦૨.૫૩ ટકાની કામગીરી કરેલ છે જે સમગ્ર દેશની અટલ પેન્શન યોજના ની કામગીરી માં વિક્રમ જનક પરિણામ છે. જેમના લક્ષ્યાંક ૧૫૦ ટકા અને તેથી વધુ, ૧૨૫ થી ૧૫૦ ટકા અને ૧૦૦ થી ૧૨૦ ટકા હોય છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક જીલ્લાના ખેડુતોની પોતીકી બેંક તરીકે કાર્યરત હોય સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ અને સહકારી બેંકીગ કામગીરીથી છેવાડાના લોકો સુધી પથરાયેલી આ બેંકનું સંચાલન અને નેતૃત્વ દિલીપ સંઘાણી ના માર્ગદર્શન તળે થઈ રહેલ હોય આ સિધ્ધિને દિલીપ સંઘાણીએ અધિકારી અને કર્મચારીગણને આ કામગીરી માટે બિરદાવીને અભિનંદન પાઠવ્યા છે. અટલ પેન્શન ઉપરાંત અનેક કૃષિલક્ષી સ્થાનીક યોજનાઓ પણ આજ બેંક ચલાવી સફળતા પ્રાપ્ત કરતી રહી છે અત્રે એ ઉલેખનીય છે કે જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકે શરૂ કરેલ સર્વપ્રથમ કિશાન ક્રેડિટ કાર્ડની ઉપલબ્ધી સમગ્ર દેશમાં પણ લાગુ કરવામાં આવેલ જે એક નોંધનીય બાબત છે. તેમ ચેરમેનશ્રીના કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## અમરેલી અજમેરા હાઇસ્કુલના શિક્ષક કેતન જોશીની ઇનોવેટિવ ટીચર તરીકે રાજ્ય કક્ષાએ પસંદગી કરાઇ

### શ્રી કેતન જોષીની પસંદગીને સર્વત્ર આવકાર : અભિનંદનની વર્ષા



અમરેલી,
તારીખ ૨૧ ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠ મુકામે અમરેલીની શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલયના અંગ્રેજી વિષયના શિક્ષક કેતન જોશીની ભાષામાં વિવિધતા તેમજ પ્રયોગાત્મકતા બાબતે રાજ્ય લેવલે ઈનોવેટિવ ટીચર તરીકે પસંદગી થઈ છે. કેતન જોશી ગુજરાતી સાહિત્યમાં ઘણા સમયથી સુંદર કાર્ય કરી રહ્યા છે. શાળામાં બાળકોને વિવિધ પદ્ધતિઓ અને પ્રયોગાત્મક શિક્ષણ દ્વારા સહજ અને સરળ રીતે ભણાવવું એ તેમની શૈલી છે. બાળકોને સર્જનાત્મક તરફ વાળવા તેઓ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી તેઓ અલગ અલગ શાળામાં કાર્યશાળા અને શિબિર યોજીને બાળકોને સર્જનાત્મકતા તરફ વાળ્યા છે. બાળકોને હાઈકુ ,તાન્કા ટૂંકીવાર્તા, બાળવાર્તા, બાળગીત, નિબંધ જેવા સ્વરૂપો વિશે તે પ્રથમ માહિતી આપે છે. ત્યારબાદ તે અંગે થોડા પુસ્તકો વાંચવા પ્રેરે છે. ત્યારબાદ પ્રાકૃતિક વાતાવરણમાં બાળકોને તેમના મનમાં જે સુજે તે લખવા પ્રેરે છે. આમ બાળકો તેની કાલી ઘેલી ભાષા તેમજ સહજ કલ્પન દ્વારા કોરા પાનામાં પોતાના વિચારો ઉતારે છે. આ વિચારો તે પોતાના અક્ષરમાં જ ઉતારે છે. આમ આ બધી જ કૃતિઓનો સમન્વય કરી એક પુસ્તક સ્વરૂપે તે પ્રકાશિત થાય છે. આ વખતે ૨૦૨૩-૨૪ માં *અમૃતઝરણા* નામનો હસ્તલિખિત અંક બાળકોના સહિયારા પ્રયાસથી કેતન જોશીના સંપાદનમાં તેમજ માર્ગદર્શનમાં બહાર પાડવામાં આવેલ. આ રીતે બાળકોને ભીતપત્રક વડે, વિવિધ ચાર્ટ તેમજ ડિજિટલ માધ્યમના ઉપયોગથી લખતા ,વાંચતા અને બોલતા સરળતાથી કેમ કરવા તેવો કેતન જોશીનો હંમેશા પ્રયત્ન રહે છે. આ તકે શિક્ષણ જગત તેમજ સાહિત્ય જગત દ્વારા તેમની આ સિદ્ધિ બદલ તેઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. માતૃભાષા અભિયાન દ્વારા પ્રયોગશીલ અધ્યાપન કરતા શિક્ષકોને રાજ્યભરમાંથી પસંદગી કરવામાં આવે છે. તેમાં કેતન જોશીની પસંદગી થયેલ છે. તારીખ ૨૧ ફેબ્રુઆરીએ ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુજરાતી સાહિત્યકારો તેમજ કુલપતિશ્રીઓની હાજરીમાં તેઓ પોતાની પ્રયોગશિલતા વિશે વિસ્તૃત વાત કરશે

## રાજુલામાં રાજકોટના ડીજીપીનું સન્માન



રાજુલાના કિસાન સંઘના પ્રમુખશ્રી ધીરુભાઈ ધાખડાએ રાજકોટના ડીજીપી ચૌહાણ નું બહુમાન કર્યુ હતું તે તસ્વીરમાં નજરે પડે છે.

## બાબરામાં કરિયાવર, માનસિક ત્રાસના કેસમાં આરોપીઓને નિર્દોષ છોડી મુકવા કોર્ટનો હુકમ

### એડવોકેટ નરેશ પરમારની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી



બાબરા,
બાબરામાં કરિયાવર માનસિક ત્રાસના કેસમાં આરોપીઓને નિર્દોષ છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો છે. આ કામના મુળ ફરીયાદીએ ઘરકામ બાબતે કરીયાવર બાબતે ગાળો આપી શારીરિક-માનશીક ત્રાસ આપી તેમજ ઢીકાપાટુથી માર મારી જાનથી નાખવાની ધમકી આપેલ તેવી ફરીયાદ તેમના પતિ તેમજ સાસરીયા ઓ વિરૂધ્ધ બાબરા પો.સ્ટેશને કરેલી અને સદરુ કેશ બાબરા કોર્ટોમાં કેશ નં. ૨૮૧/૨૩ થી ચાલી જતાં આરોપી ઓને બાબરા કોર્ટે નિદોષ છોડી મુકવાનો હુકમ તા-૧૭/૦૨/૨૦૨૪ના રોજ કરેલ છે. આ કામે આરોપીઓના તર્ફે વિ .વકીલ.શ્રી નરેશ જે .પરમારની ધારદાર દલીલો ને ધ્યાને લીધેલ હોય અને આરોપી ને નિર્દોષ છુટકારો થયો હતો.

## પ્રધાનમંત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં રૂા. ૩૨,૦૦૦ કરોડથી વધારેની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ કર્યો

### સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં નાગરિક અને શહેરી માળખાગત સુવિધાઓને મજબૂત કરવા માટે અનેક યોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા

અમરેલી,વિકસિત જમ્મુ-કાશ્મીરનું નિર્માણ કરવા માટે સરકાર ગરીબો, ખેડૂતો, યુવાનો અને નારી શક્તિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.'નવું ભારત તેની વર્તમાન પેઢીને આધુનિક શિક્ષણ પ્રદાન કરવા માટે વધુને વધુ ખર્ચ કરી રહ્યું છે' પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે જમ્મુમાં રૂ. ૩૨,૦૦૦ કરોડથી વધારેની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ્સ સ્વાસ્થ્ય, શિક્ષણ, રેલ, રોડ, ઉડ્ડયન, પેટ્રોલિયમ અને નાગરિક માળખાગત સુવિધા સહિત કેટલાંક ક્ષેત્રો સાથે સંબંધિત છે. પ્રધાનમંત્રીએ જમ્મુ-કાશ્મીરમાંથી ૧૫૦૦ નવી સરકારી ભરતીઓને નિમણૂકના આદેશોનું વિતરણ પણ કર્યું હતું. તેમણે 'વિકસિત ભારત વિકસિત જમ્મુ' કાર્યક્રમનાં ભાગરૂપે વિવિધ સરકારી યોજનાઓનાં લાભાર્થીઓ સાથે વાતચીત પણ કરી હતી.કિશ્તવાડ જિલ્લાની વીણા દેવીએ પ્રધાનમંત્રીને માહિતી આપી હતી કે તેમણે ઉજ્જવલા યોજનાનો લાભ લીધો છે, જેણે તેમનું જીવન વધુ સારું બનાવ્યું છે અને તેમને પોતાને અને તેમના પરિવાર માટે સમય ફાળવવાની મંજૂરી આપી છે. પહેલાં તે જંગલોમાંથી રસોઈ માટે લાકડાં લાવતી હતી. તેમણે પ્રધાનમંત્રીને એમ પણ જણાવ્યું હતું કે, તેમનો પરિવાર આયુષ્યમાન કાર્ડ ધરાવે છે અને આ માટે તેમણે પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રીએ તેમને અને તેમના પરિવારને સારા સ્વાસ્થ્યની કામના કરી હતી.

### પ્રાઇડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન તથા વિશ્વ ગુજરાતી સંગઠન દ્વારા

## અમરેલીમાં શ્રી પિયુશ મકવાણાના જન્મદિવસે પીએમ વિશ્વકર્મા યોજના રજીસ્ટ્રેશન કેમ્પ યોજાશે

### લીલીયા રોડ ડીએચસી એક્ષપોર્ટ ખાતે કેમ્પનું આયોજન

અમરેલી, પ્રાઈડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન તથા વિશ્વ ગુજરાતી સંગઠન દ્વારા શ્રી પિયુષભાઈ મકવાણાના જન્મદિવસ નિમિતે પીએમ શ્રી વિશ્વકર્મા યોજના રજીસ્ટ્રેશન કેમ્પ તા. ૨૧-૨-૨૪ સવારે ૯ થી ૫ ડીએચસી એક્ષપોર્ટ લીલીયા રોડ ફાટક પાસે અમરેલી ખાતે યોજાશે જેનું ઉદઘાટન સારહિ યુથ કબલના શ્રી મુકેશભાઈ સંઘાણી,સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, પુર્વ મંત્રીશ્રી બાવકુભાઈ ઉંધાડ કરશે તેમ પ્રાઈડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન, સેલ્યુટ તિરંગા રાષ્ટ્રવાદી સંગઠન , વિશ્વ ગુજરાતી સંગઠન, અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભા, ફર્નિચર એસો., વેપારી મહામંડળ, રોટરી કલબ અમરેલીગીર દ્વારા જણાવાયું છે.

### ફરી સિંગતેલનાં ભાવમાં વધારો : બે દિવસમાં ડબ્બે ૫૦ રૂપિયા વધ્યાં

## અમરેલીમાં શ્રીમતી ગજેરા ડીએલએસએસએ નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલ સાથે સિદ્ધિ મેળવી

### ડીએલએસએસ અમરેલીના વિદ્યાર્થીની વાળા રોશનબા એ ૬૦ મિટર ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો




અમરેલી,
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના એથ્લેટીકસ ખેલાડીઓ ૧૯મી NIDJAM નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીકટ જુનીયર એથ્લેટીકસ મીટ-૨૦૨૪ નું અયોજન તા.૧૬/૦૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪ સુધી અમદાવાદ મુકામે કરવામાં આવેલ હતું. જેમાં ડી.એલ.એસ.એસ અમરેલીના વિદ્યાર્થીની વાળા રોશનબાએ ૬૦ મિટર ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય અને અમરેલી જિલ્લા તેમજ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે.જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત પસંદગી પામેલ ખેલાડીઓને તેમજ શાળામાં અભ્યાસ કરતા રમતગમતમાં ઉત્સાહી હોય તેવાં વિદ્યાર્થીઓને નિયમિત શિક્ષણ આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી સિધ્ધિઓ હાંસલ કરાવવા સંસ્થામાં પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવી રહયું છે.વિદ્યાર્થીની આ સફળતા બિરદાવવા માટે મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી ,આચાર્યશ્રી તથા ડી.એલ.એસ.એસ.સ્ટાફ દ્વારા વિદ્યાર્થીનીને ફુલહાર તેમજ મેડલ પહેરાવીને તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.આવી રીતે અનેક વિદ્યાર્થીઓને સ્વસ્થામાં અલગ-અલગ ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત થઈ રહી હોય ત્યારે સંસ્થાના પ્રમુખશ્રી,વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ,ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી તેમજ તમામ ડી.એલ.એસ.એસ. સ્ટાફ,તમામ પ્રિન્સીપાલશ્રી તેમજ તમામ સહપાઠીઓએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની રોશનબા ને હૃદયપુર્વક અભિનંદન પાઠવી તેમની સિધ્ધિને બિરદાવી હતી.સંસ્થા તરફથી આ વિદ્યાર્થીનીને હવે પછી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશનું પ્રતિનિધિત્વ કરી ઉજવળ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ છે.

### ભૌતિક સુવિધાઓ નિર્માણ પામી પણ હજુ ટ્રેનના કોઈ ઠેકાણા થતા નથી

## વડિયા રેલવે સ્ટેશને લાંબા અંતરની ટ્રેન, બુકીંગ સુવિધાઓ ક્યારે મળશે ? લોકોનો વેધક સવાલ

### ડેઇલી સુરત, અમદાવાદની ટ્રેન, એડવાન્સ બુકિંગ સુવિધાઓ શરૂ કરાવો




વડિયા, (ભીખુભાઈ વોરા)અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ને ઘણા વર્ષો પછી બ્રોડગેજ રેલવે સુવિધાઓ પ્રાપ્ત થઈ છે ત્યારે તે પૂર્ણ પ્રમાણ માં લોકોને પ્રાપ્ત થાય એ ખુબ જરૂરી ત્યારે વડિયા રેલવે સ્ટેશન હાલ ભૌતિક સુવિધાઓથી નવા રૂપ રંગ સાથે કાર્યરત થયા ને ઘણો સમય થયો અનેક રાજકીય નેતાઓએ તેની વિવિધ પ્રોગ્રામ હેતુ મુલાકાતો પણ લીધી પરંતુ આજદિન સુધી લોકોને મળતી પૂરતી સુવિધાઓ પ્રાપ્ત થઈ શકી નથી. ત્યારે વડિયા રેલવે સ્ટેશન પર આસપાસ ના વિસ્તાર ના મોટી સંખ્યા માઁ પેસેન્જર મળે તે માટે આ તાલુકા મથક પર એડવાન્સ બુકિંગ ની સુવિધાઓ, સુરત, અમદાવાદ, વડોદરા ની લાંબા અંતરની કાયમી ટ્રેન સાથે નિયત જગ્યા પર ટ્રેન ના નક્કી કરેલા ડબ્બા ઉભા રહે તે ખુબ જરૂરી છે આ સુવિધાઓ લોકોને ઝડપી પ્રાપ્ત થાય તે માટે લોક માંગણી ઉઠતી જોવા મળી છે અને આ સુવીધાઓ આપવાથી રેલવે વિભાગને પણ પૂરતા પેસેન્જર નો ટ્રાફિક મળશે તેવુ માનવામાં આવી રહ્યું છે ત્યારે વડિયા ના રેલવે સ્ટેશન પર તમામ સુવીધાઓ સાથે એડવાન્સ બુકિંગ અને કાયમી લાંબા અંતરની ટ્રેનો શરુ કરવામાં આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

## કેન્દ્રની ભાજપ સરકાર MSP મુદ્દે ખેડૂતોને ગુમરાહ કરવાનું બંધ કરે

### અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી મનીષ ભંડેરીએ આક્રોશ વ્યકત કર્યો



અમરેલી,ભારતદેશના ખેડૂતો MSP ની માંગ સાથે છેલ્લા એક અઠવાડિયાથી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે આંદોલન કરી રહ્યા છે ત્યારે મોદી સરકાર તરફથી ખેડૂતોને માત્રને માત્ર ગુમરાહ કરવાનું કામ થઈ રહ્યું છે, ખરેખર તો નરેન્દ્ર મોદી સરકારની ખેડૂતોને MSP આપવાની દાનત નથી, જો કેન્દ્રની ભાજપ સરકારની ખેડૂતોને MSP આપવાની દાનત હોય તો ખેડૂતોને દિલ્હી આવતા શા માટે રોકવામાં આવ્યા છે અને એક અઠવાડિયા જેવો સમય વીતી ગયો હોવા છતાં પણ નરેન્દ્ર મોદી સરકારે નિર્ણય કર્યો નથી, આ બાબત સાબિત કરે છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની ખેડૂતોને MSP આપવાની કોઈ જઈચ્છા નથી, માત્ર ને માત્ર લોકસભા ચૂંટણીની આચાર સંહિતા અમલમાં આવે ત્યાં સુધી સમય પસાર કરીને ભારત દેશના ખેડૂતોને ગુમરાહ કરવાનું કામ નરેન્દ્ર મોદીની સરકાર કરી રહી છે, જો નરેન્દ્ર મોદીની સરકાર ખેડૂતોની MSP તથા અન્ય માંગો સમયસર સ્વીકારશે નહીં તો ભારત દેશના ખેડૂતો ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકારને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેશે તેમ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ જણાવ્યું છે

## રાજુલા સેઇન્ટ થોમસ સ્કુલમાં વિન્ટર ગેમ યોજાઇ



રાજુલા,રાજુલા ની સેઈન્ટ થોમસ સ્કૂલ માં વિન્ટર ગેમ્સ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગેટ રેડી ફોર સ્કૂલ, ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, સેક રેસ, લાંબી કૂદ, ઉંચી કૂદ એને શર્ટ પૂત જેવી સ્પ્રધા નું આયોજન સ્કૂલ ના પ્રિનસીપાલ આને ટીચર્સ પીટી શિક્ષક કપિલ ભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પસાર જેટલા બાળકો એ ઉત્સા ભેર ભાગ લીધો અને વિજેતા બન્યા હતા વિજેતા ખેલાડીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા આમ પ્રિન્સિપાલના માર્ગદર્શન તળે વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### કચ્છની મહિલા સરપંચો, ગ્રામ પંચાયતની ચુંટાયેલ મહિલા સભ્યોએ કલેકટર કચેરીની મુલાકાત લીધી



કચ્છ,કચ્છ મહિલા વિકાસ સંગઠન અને આરએસસીડી મુંબઈનાં સંયુક્ત ઉપક્રમે ડબલ્યુએએલએલ તાલીમ અંતર્ગત ૧૦ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ અને ૫૦ થી વધારે ગ્રામ પંચાયતમાં ચુંટાયેલા મહિલા સભ્યો સાથે કલેકટર કચેરીની કામગીરી અંગે પોતાની જાણકારી વધારવા સમજવાનો પ્રયાસરૂપી પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. સરપંચ તરીકે પોતાનાં ગામમાં અત્યાર સુધી કરેલ કામગીરીનું ટૂંકુ વર્ણન જિલ્લાનાં કલેક્ટર અમિત અરોરા આઈએએસ સામે મુકવામાં આવ્યું હતું. કલેક્ટર દ્વારા મહિલાઓમાં પોષણ માટે તેમનાં લોહીની ટકાવારી વધારી શકાય તેના માટે આર્યનની ગોળી ગામમાં મહિલાઓ નિયમિત રીતે લે તે જોવામાં આવે તેમજ આવા અનેક સુચનો આપવામાં આવ્યાં હતાં. સાથે સાથે મહિલા સરપંચને સક્રિયતા વધારવા માટે કચ્છ મહિલા સંગઠન સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા સેવા સદન અંતર્ગત આવતી વિવિધ કામગીરી સમજવા માટે દરેક શાખાનાં અધિકારીઓની સુચન પણ કર્યા હતાં.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીર સોમનાથ જિલ્લામાં જૂના વાહનોની લે-વેચ તથા ભાડે આપતા વેપારીઓએ રજીસ્ટર નિભાવવુ ફરજિયાત

ગીર સોમનાથ. તા.૨૦: ગીર સોમનાથ જિલ્લામાં બહારના રાજયોમાંથી તેમજ દેશ બહારથી આવતા અસામાજીક તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાતાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી આર.જી.આલ દ્વારા જાહેરનામું બહાર પાડી ગીર સોમનાથમાં આધાર પુરાવાઓ વગરના વાહનોની લે વેચ અને ભાડે આપવા પર પ્રતિબંધ મૂક્યો છે.આ જાહેરનામાં અનુસાર જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જયારે-જયારે આવા નવા/જુના વાહનોની લે વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવુ વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને નીચેના નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાની રહેશે તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે. જેમાં ક્રમ ૧ થી ૫ અનુસાર વાહન કોને વેચેલ છે/કોની પાસેથી ખરીદેલ છે./કોને ભાડે આપેલ છે.તેનું પુરૂ નામ, જ્ઞાતિ(જાત), ઉંમર, સરનામુ, કોન્ટેક નંબર, વાહનનો નંબર, પ્રકાર એન્જીન નંબર, તથા ચેસીસ નંબર, રજુ કરેલ આધાર પુરાવા જેવા કે રેશનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણીકાર્ડ, બેન્કની પાસબુક, પાનકાર્ડ, પાસપોર્ટ, ઈલેકટ્રીક બિલ, ટેલીફોન બિલ, ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી, વાહન કોને વેચેલ છે. કોની પાસેથી ખરીદેલ છે. કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સહિતની માહિતી રાખવાની રહેશે. આ હુકમ તા.૧૮/૦૨/૨૦૨૪ થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ એસઓજીએ સાયબર ફ્રોડનાં બે કિસ્સામાં કુલ રૂા.૧,૨૧,૦૮૯ ભોગ બનનારને પરત અપાવ્યા

### જિલ્લા સાયબર ક્રાઇમ સેલે અરજદારોના બેન્ક ખાતામાં નાણા રિફન્ડ કરાવ્યા

જુનાગઢ,
જુનાગઢ જિલ્લા સાયબર ક્રાઈમ સેલ (એસઓજી)નાં નોડલ અધિકારી ઈન્ચાર્જ પીઆઈ એસએ સોલંકી તથા પીએસઆઈ એમજે કોડીયાતર વોટ્સઅપમાં થોડા દિવસ પહેલા એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવેલ જેમાં એક એપ્લીકેશન હોય જે ઓપન કરતા તેમા માગ્યા મુજબની પરમીશન આપતા અરજદાર કિશનભાઈ સોલંકીનાં ફોનમાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફત રૂા.૪૧,૦૮૯ તેમજ અરજદાર નરેશભાઈ તોલાનીનાં ફોનમાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફત રૂા.૮૦,૦૦૦ આમ કુલ રૂા.૧,૨૧,૦૮૯નાં ફ્લીપકાર્ટ પર વાઉચરની ખરીદીનાં ઓર્ડર થયેલ હોય તેવા મેસેજ આવેલા અને આવી કોઈ પણ ઓનલાઈન ખરીદી બંને અરજદારશ્રીએ કરેલ ન હોય તેમજ છતા આવા મેસેજ આવતા ક્રેડીટકાર્ડનું સ્ટેટમેન્ટ જોતા તેમનાં ક્રેડીટ કાર્ડમાંથી ઓનલાઈન ખરીદી કરાયેલ હોવાની હકીકત જણાઈ આવેલ હોય તેથી ભારત સરકારશ્રીનાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પોર્ટલ નં.૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. જુનાગઢ સાયબર ક્રાઈમ દ્વારા ફ્રોડની રકમનાં ફ્લીપકાર્ટમાં ઓનલાઈન ખરીદીનાં ઓર્ડર થયેલ હોય જેથી લગત એજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી જરૂરી પત્ર વ્યવહાર કરી સાયબર ગઠીયા દ્વારા ફ્રોડ કરેલ રકમનું ટ્રાન્ઝેક્શન કેન્સલ કરાવેલ હતું અને ફ્રોડમાં ગયેલ તમામ રૂપિયા બંને અરજદારનાં બેંક ખાતામાં રીફંડ કરાવ્યાં હતાં.

# સાવરકુંડલાથી જુનાગઢ રૂટની એસ.ટી. બસ એક મહિનાથી બંધ કરી દેતા મુશ્કેલી

## સાંજે ૫ વાગ્યે રિટર્ન થતી બસમાં અપડાઉન કરનારા હેરાન પરેશાન

સાવરકુંડલા, (સૌરભ દોશી)સાવરકુંડલા થી દરરોજ બપોરે ૧:૩૦ વાગ્યે જુનાગઢ જવા માટે એસટી બસ ઉપડતી અને જુનાગઢ થી સાંજે ૫:૦૦ વાગ્યે રિટર્ન થતી જેમાં રોજિંદા મુસાફરો વિદ્યાર્થીઓ નોકરિયાતો તો અપડાઉન કરતા અને આ બસ થી પોતાના વ્યવસાયમાંથી ઘરે પહોંચવામાં ખુબ સરળતા રહેતી પરંતુ કંઈ કારણ વગર છેલ્લા એક માસથી આ એસટી બસ બંધ છે. જેના કારણે રોજિંદા મુસાફરો નોકરિયાતોને, વિદ્યાર્થીઓને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડતો હોય છે અને ઘરે પહોંચવામાં પણ ખૂબ સમસ્યા થતી હોય છે જેનાથી રોષ ની લાગણી જોવા મળી રહી છે. જેની અમરેલી ડિવિઝનમાં રજૂઆત કરવા છતાં લોકોની સમસ્યાને આ તંત્ર ધ્યાને લેતું ન હોવાનો પણ આક્ષેપ કરાયો હતો અને પૂછપરછ નો નંબર પણ મોટાભાગે બંધ આવતો હોય છે અને એ ફરિયાદ કરવામાં આવે તો ટેલીફોન વિભાગ ને કહો એવી દલીલ કરવામાં આવતી હોય જેની રજૂઆત પણ કરેલ છે અને આ બાબતે યોગ્ય નિરાકરણ ન આવે તો આ બસ સાથે સંકળાયેલ લોકો આંદોલનના માર્ગે જશે અને તેને જવાબદારી એસટી તંત્રની રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું.

### કેન્દ્ર સરકાર દ્વારા નિકાસ છુટ આપ્યાનો પરિપત્ર ન થતા

# કાંદાની હરરાજી બંધ રાખવાનો મહુવા માર્કેટયાર્ડ દ્વારા નિર્ણય

## ખેડુતો અને વેપારીઓ અવઢવમાં મુકાયા : ઘનશ્યામભાઇ પટેલની રજુઆત

મહુવા, કેન્દ્ર સરકાર દ્વારા નિકાસ છુટ આપ્યાનો પરિપત્ર ન થતા ખેડુતો અને વેપારીઓ અવઢવમાં મુકાયા છે સરકાર દ્વારા કાંદા નિકાસ પરનો પ્રતિબંધ હટાવી ૩ લાખ ટન કાંદાની નિકાસ માટે મંજુરી આપ્યાની જાહેરાત થયા બાદ નોટીફીકેશન જાહેર ન થતા મુશ્કેલી ઉભી થઈ છે નોટીફીકેશનને કારણે ખેડુતો અને વેપારીઓ મુંજવણ અનુભવે છે. આ અંગે ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલે રજુઆત કરી છે અને તા. ૨૧ ના રોજ લાલ કાંદાની હરરાજી બંધ રાખવા નિર્ણય લીધો છે તેમ શ્રી ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યુ છે.

## જાહેર નોટીસ

આ ઉપરથી અમો નીચે સહી કરનાર રાહુલકુમાર એન. જોષી બી.કોમ. એલએલ.બી એડવોકેટ અને નોટરી રે. ધારીના તે અમારા અસીલના વતી અને તેમની સૂચનાથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ધારી, તા.ધારી જી. અમરેલી તે ગામે આવેલ ખાતા નં.૫૯૬૬ સર્વે નંબર ૪૨૮ પૈકી પ્લોટ નં. ૧૧ ની રહેણાંકની ૧૮૫-૮૦ ચો.મી. જમીન જે હાલમાં શંભુભાઈ ભીમજીભાઈ હીરપરાના નામે આ મિલ્કત ચાલે છે અને અમારા અસીલ તેઓ પાસેથી આ મિલ્કત ખરીદવા માંગે છે જેથી અમારા અસીલે ઉપરોક્ત જમીન અંગેનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ અમારા પાસેથી માંગેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે ઉપરોક્ત વિગત અને વર્ણન વાળી મિલ્કતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક, અર્ધસરકારીબેંક કે હરકોઈ પણનું કોઈ બાકી લેવું હોય બોજો, તારણ, જપ્તી કે વેચાણ વ્યવહાર કે અન્ય કોઈપણ પ્રકારે હિત-હિસ્સો કે હક્ક હોય કે કુલ મુખત્યારપત્ર બાબતે કોઈપણ જાતની તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ ૭ માં નીચેના સરનામે અમારી સમક્ષ લેખિત વાંધા આધાર સાથે રજુ કરવા અન્યથા આ મિલ્કત બાબતે કોઈપણ વ્યકિતનું કોઈ હક્ક હિત હિસ્સો કે લેણું નથી અથવા તો તેવી વ્યકિત કે સંસ્થાએ આ જમીન પ્રત્યેના હક્ક હિત હિસ્સો જતો કર્યો છે તેમ માની અમો તેઓને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપીશુ અને આ રીતે મુદત પછી રજુ થયેલ કોઈપણ વાંધા કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવા વિનંતી.


તા.૨૦-૦૨-૨૦૨૪

રાહુલકુમાર એન.જોષી (એડવોકેટ & નોટરી)
''ભવાની કૃપા'' સ્ટેશન પ્લોટ, ધારી મો.૯૪૨૭૨ ૩૦૪૭૭

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર +પાસીગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સોનાની લગડી જેવા અતિ મોકાના
પ્લોટ વેચવાના છે
અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે
માત્ર જુજ પ્લોટ જ બાકી હોય,
વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો
આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું
સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના
રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ
-:: સંપર્ક ::-
હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨

# ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.વાલજીભાઇ નારણભાઇ શેલડીયા (ઉ.વ.૯૨)**
**સ્વ.તા.૧૯-૦૨-૨૦૨૪ સોમવાર**

શ્રી લાઠી સેવા સહકારી મંડળી લી. ના પ્રમુખશ્રી વાલજીભાઇ નારણભાઇ શેલડીયા ના દુઃખદ અવસાનનાં સમાચારથી મંડળીના તમામ સભાસદો ઘેરા શોકની લાગણી વ્યક્ત કરે છે. આપશ્રીએ મંડળીના ઉપપ્રમુખ તેમજ પ્રમુખ તરીકે સતત ૫૦ વર્ષ સુધી ૯૨ વર્ષની જૈફ ઉમરે કાર્યરત રહી મંડળીને ઉતમ નેતૃત્વ આપી મંડળીના સતત વિકાસમાં આપનો સિંહફાળો છે. આપની સહકાર પ્રત્યેની નિષ્ઠા અને એક ખેડુત તરીકે ખેડુતોના હિતેચ્છુ તરીકેની આપની કામગીરી આપની યાદી હંમેશા અમર રહેશે તેવા ભાવ સાથે ભાવભરી શ્રધ્ધાંજલી અર્પીએ છીએ.

**લી.કમિટી સભ્યો**

| | |
|---|---|
| મહેન્દ્રસિંહજી કે.ગોહિલ | પરબતભાઇ કરશનભાઇ લાડોલા |
| કાળુભાઇ માસાભાઇ હુંમલ | ઇબ્રાહીમભાઇ દોલાભાઇ સેતા |
| વજુભાઇ બાબુભાઇ શંકર | ભરતભાઇ અરજણભાઇ ડાંગર |
| જગાભાઇ જાદવભાઇ ડાંગર | ગુણવંતભાઇ પોપટભાઇ શેલડીયા |
| વિનુભાઇ વશરામભાઇ લાડોલા | નાનજીભાઇ બચુભાઇ મેર |
| રાણાભાઇ હમીરભાઇ ડાંગર | રતનબેન લાખાભાઇ કોટડીયા |
| વશરામભાઇ માવજીભાઇ કાસોદરીયા | ભરતભાઇ એમ.શુકલ (પુર્વમંત્રી) |
| રમેશભાઇ બી.બારૈયા (મંત્રી) | ચેતનભાઇ બી.શુકલ (સહ.મંત્રી) |

જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...
ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ
◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ
◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ
તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

# દુઃખદ અવસાન / ઉતરક્રિયા



**સ્વ.નજુભાઇ જીલુભાઇ વાળા**
**સ્વ.તા.૧૬-૦૨-૨૦૨૪ શુક્રવાર, મુ.ત્રંબોડા, તા.બાબરા, જી.અમરેલી**

અમારા પરિવારના મોભી શ્રી નજુભાઈ જીલુભાઈ વાળા (ઉ.વ.૬૩) પુર્વ સરપંચ, બાબરા તાલુકા પંચાયત પુર્વ કારોબારી ચેરમેન નું તા.૧૬-૦૨-૨૦૨૪, મહા સુદ-૭ ને શુક્રવારના રોજ અવસાન થયુ છે.

સદગતની ઉતરક્રિયા - પાણીઢોળ મહાવદ-૩ ને મંગળવાર તા.૨૭-૦૨-૨૦૨૪ ના રોજ મુ.ત્રંબોડા, તા.બાબરા, જી.અમરેલી ખાતે રાખેલ છે.

લી.

અમરૂભાઇ દાદાભાઇ વાળા
સ્વ.ગજુભાઇ દાદાભાઇ વાળા
ગજુભાઇ જીલુભાઇ વાળા
ભાભલુભાઇ જીલુભાઇ વાળા
મંગળુભાઇ નનકુભાઇ વાળા
વનરાજભાઇ જીલુભાઇ વાળા
પ્રતાપભાઇ નનકુભાઇ વાળા
સંજયભાઇ જીલુભાઇ વાળા
દિવ્યરાજભાઇ ભાભલુભાઇ વાળા
સર્વે વાળા પરિવારના રામ રામ

# ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.નરશીભાઇ રણછોડભાઇ લાડુમોર**
**સ્વ.તા.૨૦-૦૨-૨૦૨૪ મંગળવાર**
**ગામ : મોટા રીંગણીયાળા, તા.રાજુલા, જી.અમરેલી**

વર્ષો આવશે અને વિતી જશે, પણ આપની વાત્સલ્યભરી સ્નેહભીની યાદ અમારા હૃદયમાં હંમેશા છવાઈ રહેશે. આપનું સ્મરણ થતાં હૃદયમાં દિવ્યતા વ્યાપે છે.. અને એજ મુસ્કાન ભર્યો ચેહરો અમને મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની પ્રેરણા આપે છે. મુરલીધર પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદગતનું બેસણું :- તા.૨૨-૦૨-૨૦૨૪ ને ગુરૂવારના રોજ દિવસ દરમિયાન મોટા રીંગણીયાળા મુકામે રાખેલ છે.

લી.

વલ્લભભાઇ નરશીભાઇ લાડુમોર મો.૯૪૨૮૭ ૦૪૬૪૬
મોહનભાઇ નરશીભાઇ લાડુમોર મો.૯૪૨૬૬ ૯૬૭૮૫
ફર્મ :- અમુલ કોટન ઇન્ડસ્ટ્રીઝ - રાજુલા
અમુલ ફુડ્ઝ - રાજુલા

### શેત્રુંજી નદીમાંથી રેતીચોરી અને અન્ય ખનીજ ચોરી કરાતા

# લીલીયાનાં બવાડીમાં ખાણ ખનીજ ખાતુ ત્રાટક્યું : રૂા. ૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે

### શેત્રુંજી નદીમાંથી જેસીબી, ટ્રેક્ટર, લોડર સહિત અડધો ડઝન વાહન જપ્ત



લીલીયા, (બિપીન રવાણી)

લીલીયાના બવાડી ગામે શેત્રુંજી નદીમાં ખાણખનીજ વિભાગ ખાબક્યું હતું અને આશરે ૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો જેસીબી,ટ્રેક્ટર ,લોડર, ડમ્પર સહિત અડધો ડઝન વાહન જપ્ત કરાયા છે. ગેરકાયદેસર શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી કરતા ખાણખનીજ વિભાગ અમરેલી દ્વારા વાહનો સહિત આશરે ૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. અમરેલી શેત્રુંજી નદીમાંથી દરરોજ હજારો ટન રેતી ચોરી થઈ રહી છે

(અનુ. પાના નં. ૨)

## અમરેલીનાં જાળીયામાં સાત વર્ષનાં બાળક ઉપર દિપડાનો જીણલેણ હુમલો

અમરેલી,

અમરેલી તાલુકાનાં જાળીયા ગામ પાસે આવેલ જાળીયા ગામનાં કિશોરભાઈ હુંમરની વાડીએ એમપીનાં શ્રમિક પરિવારનાં રાજુભાઈ રમેશભાઈ અજનારનાં પુત્ર અજય ઉ.વ.૮ સહિતનાં પરિવારજનો બે દિવસ પહેલા વાડીમાં સુતા હતા ત્યારે મોડી રાત્રીનાં અચાનક દિપડો ધસી આવ્યો હતો અને સાત વર્ષનાં અજય

(અનુ. પાના નં. ૨)



મારુતિ ક્લિનિક
ડો. આકાશ આર. જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો. હિના એ. જાવિયા B.A.M.S.,M.E.T.C.
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
સાંધાના રોગો ગોઠણનો દુખાવો, કમરનો દુખાવો સાઇટીકા, ગરદનનો દુખાવો, ખંભાનો દુખાવો સંધિવા તથા અસ્થિવા, નસ દબાવી, હાથ અને પગમાં ખાલી ચડવી, હાથ અને પગના કાંડાના દુખાવા, પેનીનો દુખાવો, હાડકામાં કેલ્શિયમની ઉણપ ની સારવાર ઉપલબ્ધ છે.
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો. ૯૬૬૨૬ ૩૫૧૨૪





મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો.9974772377



ભગવાન સૌનું ભલુ કરો...

– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ









તદ્દન મફત વિના મુલ્યે
આયુર્વેદ વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબીરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર

દ્વારા આપના બાળકોને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સુવર્ણ ભેટ
તા.૨૧/૨૨-૨-૨૪ બુધ/ગુરૂ માત્ર બે દિવસ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૮ સુધી
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશક્તિ અને ગ્રહણશક્તિમાં વધારો.
- આયુર્વેદીક રસીકરણ.
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો.
- પાચનશક્તિમાં વધારો.
- રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગ ઓછા થવા.
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને..
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો..
કેમ્પનું સ્થળ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ – સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ / ૨૨૮૯૦૪






રાજ્યના ૭ કરોડ લોકોના આરોગ્યની દરકાર માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ બજેટમાં કુલ ₹ **૨૦,૧૦૦ કરોડ**ની જોગવાઇ

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ₹૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે ₹ **૩૧૧૦ કરોડ**ની જોગવાઇ

મેડિકલ કોલેજો અને હોસ્પિટલ સાથે ત્રિ-સ્તરીય આરોગ્ય વ્યવસ્થા અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રોના બાંધકામ અને સાધનો સહિત સુવિધાઓ સુદ્રઢ કરવા માટે ₹ **૨૩૦૮ કરોડ**ની જોગવાઇ

G.M.E.R.S. સંચાલિત મેડિકલ હોસ્પિટલોના બાંધકામ, રખરખાવ અને સંચાલન માટે ₹ **૧૦૦૦ કરોડ**ની માતબર ફાળવણી

કેન્સરના દર્દીઓને અત્યાધુનિક સારવાર ઉપલબ્ધ કરાવવા અંદાજે ₹ **૬૦૦ કરોડ**ના ખર્ચે કેન્સર ઈન્સ્ટિટ્યૂટ ખાતે સાઇક્લોટ્રોન પ્રોજેક્ટ ફોર ન્યુક્લિયર મેડિસીન અને પ્રોટોન બીમ થેરાપી કાર્યરત કરાશે

આયુષ સેવાઓ અદ્યતન બનાવવા આર્યુવેદિક કોલેજ અને હોસ્પિટલ, કોલવડાને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવી આયુષ હેઠળના દવાખાનાઓ માટે કુલ ₹ **૪૮૨ કરોડ**ની જોગવાઇ

માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે હેતુસર હાઈરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા તેઓને ₹ **૧૫ હજાર** તેમજ આશા બહેનોને ₹ **૩ હજાર**ની પ્રસૂતિદીઠ પ્રોત્સાહન રકમ આપવા માટે ₹ **૫૩ કરોડ**ની જોગવાઇ

સૌના આરોગ્યની કાળજી રાખી "નિરામય ગુજરાત" ના મંત્રને સાકાર કરવા કટિબદ્ધ છે ગુજરાત સરકાર